गृहिणी गुण विलाप काव्य.

ગૃહિણી ગુણવિલાપ કાવ્ય.

સ્વર્ગસ્થ ધર્મપત્નીનાં
પરિતર્પણાર્થે બક્ષિસ આવૃત્તિ.

લેખક—કાળાભાઇ લલ્લુભાઇ વશી.
હેડમાસ્તર—મોગરાવાડી વલસાડ.

સુરત ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં
રતિલાલ દુર્લભદાસે છાપી.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

પ્રસ્તાવના.

સાંપ્રત સમયમાં ગુજરાતી ભાષામાં લખનારા ગ્રંથકારની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે, તે વર્ત્તમાન કાળની એક ઉત્સાહક દશા છે; તેમાં કેટલેક અંશે જનસમુહની વ્યાવહારિક ઉન્નતિ કરવાનું તથા નવીન સુધારાનું વલણ હોય છે; કારણ કે પ્રત્યેક ગ્રંથકારનો પુસ્તક રચવામાં અને વિષયની પસંદગી કરવામાં અમુક જાતનો હેતુ સમાયલો હોય છે, તેમાં જન સમુહનું કાંઇક કલ્યાણ કે બહેતર સમાયલું હોય છે. પ્રાચીન કાળમાં દરેક વિષય ઉપર વિસ્તીર્ણ શાસ્ત્રીય સંસ્કૃત ગ્રંથો લખાયલા છે; અને હજી તે ગ્રંથો હયાત છે: પણ તે પ્રૌઢ ભાષામાં લખાયલી બીના સમજનારની સંખ્યા જુજ છે; કારણ કે આપણી વ્યવહાર પ્રચલિત ભાષા ગુજરાતી છે, તેથી તે સંસ્કૃત ગ્રંથોમાં વર્ણવેલી બીનાથી આપણે ઘણાખરા અજ્ઞાત છીએ, એટલુંજ નહિ પણ દેશકાળ અને જમાનો બદલાઇ ગયો છે, તેથી જન સમુહની રહેણી કરણીમાં પણ હાસ્યજનક કઢંગો ફેરફાર થઇ ગયો છે, કારણ કે જમાનાની સાથે ચાલનારની સંખ્યા કરતાં ગાડરીઆ પ્રવાહની માફક જમાનાની પાછળ પડનારની સંખ્યા વિશેષ છે; તેથી ચાલુ જમાનાને ઉડી

અનુકુળ અસર કરી જમાનો યોગ્ય માર્ગે દોરાય, અને જનસમુદ્રની રહેણી કરણીમાં ઉત્તમ પ્રકારનો સુધારો થઇ વર્ત્તમાન સમયમા આપણે ભૂતકાળના જ્ઞાતા બની ભવિષ્યનું અનુસંધાન કરી તેજસ્વી સુખી જીવન ગાળી શકીએ, એવા નીતિ વિષયક વ્યવહાર ઉપયોગી ગુજરાતી ગ્રંથની બેશક આપણને ખાશ જરૂર છે. તેમાં વળી ગદ્યાત્મક ગ્રંથો કરતાં પદ્યાત્મક ગ્રંથો માનવીનાં કોમળ અંતઃકરણ ઉપર વધારે સારી અસર કરી શકે છે; તેથી નીતિ વિષયક અને સાંસારિક કાવ્ય ગ્રંથની સૌથી વધારે અગત્ય છે.

ગુજરાતી ભાષામાં દમ્પતી સ્નેહ સંબંધી ફકત બે ત્રણ કાવ્ય રચાયલાં છે: તેમાં પણ તેના પ્રયોજકો ઘણે ભાગે શૃંગારિક બાબત ઉપર ઉતરી પડયા છે; અને વ્યાવહારિક વિભાગ તેમણે પોતાનાં કાવ્યમાં પૂરતો હાથ લીધો નથી; અર્થાત્ (૧) દમ્પતીનું રહસ્ય (૨) પતિવ્રતાનું કર્ત્તવ્ય અને (૩) પતિનું કર્ત્તવ્ય. એ ત્રણે બાબતનું પૂરતું વિવેચન જમાનાને અનુસરતું તેઓ કાવ્યમાં કરી શકયા નથી; તેથી ચાલુ જમાનાનું અવલોકન કરતાં સદહું ત્રણ બાબત ઉપર કાંઇક કવન લખવાના વિચારની મને સ્ફુર્ણા થઇ હતી, અને તેમ કરવાનું મારા કેટલાક શ્રેયેચ્છક મુરબ્બીઓનું મને ફરમાન થયું હતું; પણ જંજાળી જીવનમાં ધંધાના વ્યવસાય આગળ સાધારણ મનુષ્યને અવકાશ મળતો નથી,

તે સર્વ કોઈ જાણે છે; તેથી પ્રસંગોપાત થોડી ઘણી છૂટક કવિતા લખી જન સમુહની સેવા બજાવતો હતો; તે સિવાય કોઇ મૂખ્ય વિષય હાથપર ધર્યો ન હતો.

બાર વર્ષ સુધી ભિન્ન ભિન્ન ગામડાંઓમાં ઉત્તમ ગુરૂ કાર્ય કરી સરકાર સેવા બજાવી પ્રત્યેક વેતન સ્થળમાં મારી પતિવ્રતા ધર્મપત્ની સુશીલાના રક્ષણ નીચે ગામડાંની એક પર્ણકુટીમાં હું નિવાસ કરતો હતો; અને સંતાન સહિત અમે બધાં સંતોષવડે સ્વર્ગ તુલ્ય સુખ ભોગવતાં હતાં, છેવટે મારા અધિકારી સાહેબે રહેમ નજરથી મારા બે પુત્રને અંગ્રેજી હાઇસ્કૂલમાં ભણવાની સગવડતા કરી આપવા ખાતર અમને વલસાડ મોગરાવાડીનો સૌંદર્ય બગીચો સોંપ્યો હતો; ત્યાં આગળ કાન્તા સહ સવાચાર વરસ સુખ રૂપે પસાર કર્યા પછી ચાલુ સાલમાં અમારા ઉપર દૈવનો દારૂણ વજ્રકોપ થવાથી મોગરાવાડીમાં મારી વિયોગી ગૃહિણીને પાપી પ્લેગની સખત બીમારી ફાગણ વદ બીજને ગુરૂવાર તારીખ ૧૬–૩–૧૯૧૧ ને રોજ લાગુ પડી, તેની મને ખબર પડતાં તેને બેભાન હાલતમાં મોગરાવાડીથી પુલની પેડે ઉપાડી લઇ મારાં વતનનું ગામ સરભોણપુણી નહિ પહોંચતાં અધવચ રસ્તામાં તેના બેનનું ગામ સાંકી મુકામે હું લઈ ગયો, ત્યાં આગળ તે પતિવ્રતા ધર્મપત્ની સુશીલા મને દુઃખદાયક વસ્તુ સ્થિતિ સોંપી અક્ષય દુઃખની

હોળીમાં હોમી તે સંવત ૧૯૬૭ના ફાગણ વદ રંગ પંચમી ને સોમવાર તા૦ ૨૦–૩–૧૯૧૧ ને રોજ મધ્યરાત્રિએ સ્વર્ગે સિધાવી છે. તેનો અંત્યેષ્ઠી સંસ્કાર તથા શ્રાદ્ધાહિક ક્રિયા પવિત્ર અશ્વિનીકુમાર તીર્થક્ષેત્રમાં ઉત્તમ રીતે કર્યા પછી અશ્રુ ગળાતાં બળતાં હૃદયે સવાવરસના એક ધાવણા પુત્રની ઝોળાની દોરી ડાબે હાથે પકડી જમણા હાથે લેખિની પકડી એક ખૂણે ઢળીને આ ! “ગૃહિણી ગુણવિલાપ કાવ્ય” સ્વર્ગસ્થ પતિવ્રતા ગૃહદેવી ધર્મ પત્નીની યાદગીરી ખાતર મેં લખ્યું છે; અને તેમ કરવામાં ભુતકાળમાં ઉદ્ભવેલી મારી સ્ફુર્ણાનો હેતુ અંદર પરોક્ષ રીતે ઘણે ભાગે સચવાયો છે, એવું મારૂં માનવું છે; અને તેમ થયું હશે, તો મારો શ્રમ સફળ થયો છે, એમ હું માનીશ. તે સિવાય બીજી કોઇપણ આર્થિક, કે, સ્વાર્થીય લુલુપ્તા મારાં હૃદયમાં નથી.

આ કાવ્યમાં હૃદય નિરૂપણ માટે “સજ્જન પ્રાર્થના” નામનો પ્રથમ સર્ગ મૂકયો છે. બીજા સર્ગમાં “દમ્પતીનું રહસ્ય, અને ધર્મપત્નીની આવશ્યકતા” દર્શાવી છે. ત્રીજા અને ચોથા સર્ગમાં “પતિવ્રતાનું પ્રશંસાત્મક કર્ત્તવ્ય” નામનો વિષય મૂકયો છે; તેમાં કાવ્યનું નામ સાર્થક કરવા ખાતર પતિવ્રતાના પ્રશંસાત્મક ગુણ કર્ત્તવ્ય દર્શાવનારી દરેક બાબતો નિશ્ચયાર્થે ભૂતકાળનાં એક દેશીય વાકયમાં છે,

તેને બદલે સુજ્ઞ વાચક આર્ય બન્ધુઓ અને આર્ય ભગિનીઓ જો તેજ બાબતો એટલે પતિવ્રતાનાં પ્રશંસાત્મક કર્ત્તવ્યની દરેક બાબતો વિધ્યર્થ કાળનાં સાર્વત્રિક વાકય (સામાન્ય વાકય, બધાંને લાગુ પડે, એવાં નિશ્ચયાત્મક વાકય) માં ગણી લેશે; તો મારો હેતુ અને શ્રમ સફળ થશે; એટલુંજ નહિ, પણ તેમનો મોટો ઉપકાર થશે. સબબ 'પતિવ્રતાનું કર્ત્તવ્ય' એ નામના બે સર્ગમાં ક્રિયા અને ગુણમાં બિલકુલ તફાવત નથી, પણ ફકત ક્રિયા વાચક કાળમાં તફાવત છે. પાંચમા સર્ગમાં અકસ્માત આફત તથા પિતુર્મંદિરની સંભારણા વર્ણવી છે. છઠ્ઠા સર્ગમાં પતિવ્રતાનું સ્વરૂપ વર્ણન " કર્યું છે, તે ફકત શૃંગારિક નથી; પણ તેમાં ઉભય હેતુ છે; અર્થાત્ તેમાં પતિવ્રતાના શારીરિક અવયવોનું ઉપયોગીપણું બતાવ્યું છે. સાતમા સર્ગથી અગીઆરમાં સર્ગ સુધીમાં પતિ હૃદયનો પ્રેમ, હૃદયની રસિકતા, હૃદયની કોમળતા, સુહૃદતા, અને હૃદયની તન્મયતાનો પરિપૂર્ણ શોક વગેરે હૃદયની પવિત્ર લાગણી અને હૃદયની ક્રિયાઓ કરૂણારસ દ્વારા બતાવી છે, તેમાં શોક સ્થાયી ભાવનો આલમ્બન વિભાવ પતિવ્રતા ધર્મપત્નીનું મરણ છે. ઉદ્દીપન વિભાવ તરીકે તેનાં વર્તન કર્તવ્ય અને ગુણની સંભારણા છે, તેના આધારે સંચારી ભાવ તરીકે નિરાધારી જંજાળી દુઃખી વિધુર પતિનાં કોમળ, રસિક,

અને પ્રેમી હૃદયની પરિવેદનાનું અંત્ય બિંદુ છિન્ન ભિન્ન ક્રિયા દ્વારા દર્શાવ્યું છે. "ગૃહિણી ગુણ વિલાપ" કાવ્યમાં ઘણે ભાગે શોક સ્થાયી ભાવ છે; તેના ઉપર કવચિત્ કવચિત્ વિરત્વ પ્રકૃતિનો વિરરસ, કોમળ રસિક હૃદયનો, અને દામ્પત્ય, અપત્ય, અને વાત્સલ્ય પ્રેમનો શૃંગાર કરૂણારસ તરાપ મારતો દૃષ્ટિ ગોચર થાય છે, તો પણ છાયા તો શોક સ્થાયી ભાવનીજ દરેક પ્રસંગે પરોક્ષ વા અપરોક્ષ રીતે આવિર્ભાવ પામે છે, તેથી કરૂણારસનું સામ્રાજ્ય છે.

હરકોઇ કાવ્યનો રસ અલંકારની સુંદર સાડી પહેર્યા વગર દીપતો નથી; તેથી પ્રત્યેક સર્ગમાં થોડા અલંકાર વપરાયા છે, તેમાં કેટલેક સ્થળે અતિશયોક્તિ અલંકાર વપરાયો છે; તે બાબતમાં લેખક દોષપાત્ર નથી; કારણ કે પ્રાચીન કાળથી કાવ્યની રસગંગામાં નિમગ્ન થયેલા પ્રેમ ઘેલા રસિક કવિઓ અતિશયોક્તિ અલંકારની સુંદર સાડી પહેર્યા સિવાય કિનારે બહાર નીકળતાજ નથી; તો પછી મારા જેવો અલ્પજ્ઞ તો પાંચ ડૂબકી મારતાં સાત અમ્બર પલાળી નાંખે, એ સ્વાભાવિક છે. વળી વકતૃત્વનાં ચાતુર્યમાં અને બુદ્ધિબળનો પયોગ કરવામાં કશો અધર્મ ગણાતો નથી; તેમજ એવા પ્રસંગે આત્મશ્લાઘાનો દોષ લાગુ પડતો નથી; તેથી કવિ અને ગ્રંથકારોએ કાવ્યગ્રંથ અને નવલક-

થાના ગ્રંથોમાં પોતાથી બની શકતો વકતૃત્વ પ્રભાવ અને બુદ્ધિ પ્રભાવ બતાવવો, એ તેમની ફરજ છે.

જે રસનું ચિત્ર દર્શન આપવું હોય, તે રસની ભાવના ઉત્પન્ન કરવા માટે લેખકોએ તદ્દ ભાવનામય ચિત્તવૃત્તિ વખત પૂરતી રાખવી પડે છે; એટલુંજ નહિ, પણ તેઓ ભેજાંના મસ્તાન અને નિજાનંદી બની તેમને અનેકાનુભવ સરિતામાં ડૂબકી મારવી પડે છે. આમ કરવામાં તેમનો ઉમદા હેતુ હોય છે. તેઓ જમાનાની પાછળ પડતા નથી, પણ જમાનાની સાથે દોડે છે, અથવા તો જમાનો વટાવી આગળ દોડ કાઢે છે. તેમાં જનસમુહનું અહિત કે અપ્રિય નથી, પણ ઘણે ભાગે હિત સમાયલું હોય છે. પોતાના હિતનું બિંદુ તેમાંથી શોધી કાઢવું, એ પ્રત્યેક વાચકનું કર્તવ્ય છે; અને સ્પુટાર્થ બુધ્ધિથી હંસની પેઠે ક્ષીર અને નિરને જૂદું કરવું, એ સંત નિરીક્ષકોનું કર્તવ્ય છે, આ સૃષ્ટિમાં નકામું કાંઇ છેજ નહિ; માટે વસ્તુ માત્રનું પરિપૂર્ણ અવલોકન કરવુ, એ વસ્તુ પ્રેક્ષકોની ફરજ છે.

છેવટે મારા ઉપર ગુજરેલા દૈવ કોપ વખતે મારા ઇષ્ટ મિત્ર શેઠ વશનજી લલુભાઇ હનુમાન ભાગડાવાળા, ચી૦ દુર્લભભાઇ દયાળજી માસ્તર, મારા છાત્રો અને મિત્રો, સગાં સંબંધીઓ, અને સાંકી ગામના સર્વ ગૃહસ્થોએ મારી સારી રીતની સારવાર કરી હતી; તથા મારા મુરબ્બીઓએ

મને દુઃખમાં દિલાસો આપ્યો હતો; તે સર્વનો આ સ્થળે બેહદ ઉપકાર માની તેમનું શ્રેય ઇચ્છી પ્રસ્તાવના પ્રકરણ સમાપ્ત કરૂં છું. સુરત ધી "રાંદેર" પ્રેસના પ્રોપરાઈટર મહેરબાન રતિલાલભાઈએ પોતાની ઉદાર ઉમદા પ્રકૃતિનો મને લાભ આપી ફકત છાપવામાં વપરાયલા કાગળની કિમ્મત લઇ આ બૂક છાપી આપવાનો અથાગ પરિશ્રમ ઊઠાવ્યો છે; તે બદલ તેમનો મોટો ઉપકાર થયો છે. વળી જ્યારે આ બૂક છાપખાનામાં છાપવા આપી તે વખતે મારી તબીયત સારી ન હોવાથી મારી વતી કેટલું કાર્ય સુરતમાં રા. રા. દેશાઇ જોગીભાઇ શંકરજી કમિશન એજન્ટની પેઢી તરફથી ચી૦ ગુલાબભાઈ ભીખાભાઈ દેશાઇએ બજાવ્યું હતું, તે તે બદલ તેમનો હું આભારી થયો છું.

ॐ ! शान्तिः ! शान्तिः ! ! शान्तिः ! ! !

तथास्तु ।

મુ૦ સાંકી તા૦ પલસાણા.
સંવત ૧૯૬૭ના વૈશાખ સુદિ
અક્ષય તૃતીયાને સોમવર
તા૦ ૧-૫-૧૯૧૧

લી૦ સજ્જનના દુઃખી સેવક.
કાળાભાઇ લલ્લુભાઇ માસ્તર
મોગરાવાડી—વલસાડ.

મંગલ પુષ્પાંજલિ-નિવાપાંજલિ.

"ક્ષિતિ ઉપર પ્રાચી દિશા હદમાં ઉગતાંજ કલાનિધિ અસ્ત થયો!
નભતારકગણ કૌમુદી સહિત ક્ષપાકર અશ્રુથી ભીંજી ગયો;
છતાં રોહિણી સ્તબ્ધ બની ગયેલી મુખ અબ્જ થકી વદતિજ નથી!!!
તિમિરામ્બર પે'રી ક્ષપા સૂતી છે, છતાં અસ્ત વિધુને જોતી નથી!!! ૪
સદા સ્હાયક માર્તંડ કાળું કરી પ્રતીચી ખીણમાં સંતાઇ ગયો !
ઉદીચી ગમનો સુરલોક સમૂહ કલિયુગમાં નૂરહીન થયો !
વિધિએ પ્રિય રોહિણીનાર હરી વિધુના કરમે વૈધુર્ય ભર્યું
અસ્ત થયેલ વિધુ વિલપે અરે ! મૂઢ વિધિ ! તેં આ ! શું કર્યું ? ૮
સુખદાયક શાંતિ જગે ભરતાં વિધુબિમ્બતણો શિરચ્છેદ કર્યો !!!
વિપ કષ્ટ ભરી ભલે એમ કર્યું, ભલે સૂર્ય પિતાએ રોપ ધર્યો !
ભલે દેવ દયાહીન થઇ ચૂકયા, પણ ચંદ્ર સદા શાંતિ ધરશે;
દુઃખમાંહી દબાઇ રીબઇ જશે, પણ પીયૂપ વૃષ્ટિ ફરી કરશે, ૧૨
સંસાર-સાર-રસ-મગ્ન થઇ ચિરકાલ ભમ્યો વિધુ ગૃહસ્થ બની;
પણ પૂર્ણકળા વિધિ સાંખી શકયો નહિ, તેથી બનાવ્યો આજ વની!
મયૂરીવિણ જેમ મયૂર ઝૂરી નર્તન વર્તનનો ત્યાગ કરે;
તેમ અસ્ત થયેલ વિધુરવિધુ નભમાં નિર્મુખ બનેલ ફરે ! ૧૬
ભલે, રોહિણિ ! ચંદ્ર ભુલી ગઇ, પણ તુજ વાંક નથી હૃદયે વસનારી!
ઉરવલ્લી ! અરે ! તું દક્ષ દુલારી ! આશિષ લે, સ્વર્ગે ફરનારી !
અસ્ત થતાં ડૂબતાં ડૂબતાં દીનમુખ વિધુ એમ બોલી ગયો."
મંગલ પુષ્પાંજલિ તેણે દીધી તેમ હું દઇને કૃતાર્થી થયો. ૨૦

स्त्रग्धरा वृत.

ॐकारावर्तरम्या, यजुरमलजला, सामगम्भीरघोषाः
ऋग्वेदाथर्वकूला, क्रमपदपुलिना, न्यायशास्त्रोत्तरंगाः ।
अङ्गग्राहावनद्धा, शतपथगमना, ब्रह्मविद्यार्णवान्ताः
विद्वद्वाग्जान्हवीयं, क्षपयतु दुरितं, सर्वदाशर्मदानः ॥ १ ॥

શ્લોકાર્થઃ—જે ૐકારરૂપ સુંદર જળકુંડાળાંવાળી, યજુર્વેદરૂપ નિર્મળવાળી, ઋગ્વેદ અને અથર્વવેદ રૂપ બે બાજુ કિનારાવાળી, ક્રમપદ વગેરે વેદની અષ્ટવિકૃતિરૂપ ભાઠાંવાળી, ન્યાયશાસ્ત્રરૂપ ઉછળતા જળતરંગવાળી, વેદના ષડંગરૂપ મગરોવડે વ્યાપ્ત થયેલી શતપથ બ્રાહ્મણ ગ્રંથ પ્રત્યે જનારી, બ્રહ્મવિદ્યા (પરમ પ્રાપ્તી સ્થાન)રૂપ મહાસાગરના અંતને આણનારી, અને હંમેશાં કલ્યાણ કરવાવાળી છે, એવી આ વિદ્વાનોની વાણીરૂપ ગંગા અમારાં પાપ દૂર કરો.

तथास्तु. ।

અનુક્રમણિકા.

સર્ગ.	વિષયનું નામ.	પૃષ્ઠ.
૧	સજ્જન પ્રાર્થના તથા લેખકનો હૃદય હેતુ.	૧
૨	દમ્પતાનો સ્નેહ—દમ્પતીનો સ્ફુટાર્થ.	૭
૩	પતિવ્રતાનુ પ્રશંસાત્મક નિત્ય કર્તવ્ય.	૧૩
૪	પતિવ્રતાનું સામાન્ય કર્તવ્ય.	૨૨
૫	અકસ્માત આફત તથા પિતુમંદિરની સંભારણા.	૩૨
૬	પતિવ્રતાનું સ્વરૂપ તથા મારૂં જીવન.	૩૮
૭	હૃદય વિણા—પતિ હૃદયની લાગણી.	૪૪
૮	અંતકાળની ગોષ્ટી—પતિ હૃદયનો પ્રેમ.	૫૦
૯	વિલાપનું પ્રયોજન તથા વિલાપ વિભાગ.	૫૪
૧૦	પત્નીસ્નેહની સંભારણા અને વિધાતાની વાણી.	૬૪
૧૧	પતિની હૃદય વિડમ્બના તથા સતીનું સ્વર્ગારોહણ વિભાગ તથા વૈરાગ્ય ફટકો (ભજન).	૭૦

सर्ग पहेलो.

વિષય-સજ્જન પ્રાર્થના તથા લેખકનો હૃદયહેતુ.

હરિગિત છંદની રાહ.

સ્ફુટાર્થ હેતુના જ્ઞાતા સર્વે સુજ્ઞ વાચક વૃંદને,
વિવેકાધિકારી વસ્તુ તત્ત્વના હુંસ સંતને શુધ્ધ મને;
પ્રણામ કરીને પ્રણયથી વિજ્ઞપ્તિ કરૂં છું એટલી,
દામ્પત્ય સ્નેહુનો તોલ કરી મુદ્દા તપાસો તેટલી. ૪
હું હતો એક પત્નીવ્રતને વ્હાલી મારી પતિવ્રતા,
અદ્વૈતરૂપે યુગલ દમ્પતી દેહ ભુવનમાં હતાં;
સ્થૂલ શરીરી વાસના કે સ્થૂલ શરીરી ધર્મનો,
સંબંધ અમારો નવ હતો પણ હતો ઊંડા મર્મનો ૮
સૂક્ષ્મ બુદ્ધિથી સૂક્ષ્મ શરીરનો યોગ મહાયાત્રા રૂપે,
હતો સૂક્ષ્મ યોગ સતીપતીનો શિવ પારવતિ રૂપે.
દામ્પત્યને અપત્ય સ્નેહાનુસાર સત્ત્વજ ચાખતાં,
આનંદ સુખામૃત–પાન કરી બધે ભવ્ય પુષ્પો વેરતાં ૧૨
અમો દમ્પતી શુદ્ધ અનન્ય પ્રેમે પરસ્પર ચ્હાતાં હતાં,
ને જીવન અમારૂં પ્રેમમયને હૃદય પણ પ્રેમી હતાં;

"પદ્માવતીને રમણ" નું અનુકરણ કરી અમે ચાલતાં,
દામ્પત્ય–પ્રેમ--રસ--મસ્ત બની એક પર્ણ કુટીમાં મા'લતાં.
અપત્ય–પ્રેમ–રસ મસ્ત બની અમે પ્રેમ ભકિતમાં રાચતાં,
રસ–બસ હૃદય લીન પ્રેમથી સંતાન વાડી ઉછેરતાં,
સંસારનો વિનિયોગ કરી સંસાર નાટક ભજવતાં,
એકાશ્રયી સંસાર નિભવી કૃતાર્થી થયાં એમ સમજતાં.
તેત્રીશ વરસની વય સુધી આવી રીતે વર્ત્યાં કર્યાં,
આજે અચાનક દુષ્ટ વિધિએ ચક્ર મૂકી પૂરાં કર્યાં;
ગૃહભૂષણ સૌભાગ્યસમૃદ્ધિ તણા ચૂરા કરી,
પ્રાણજીવનદોરી ગૃહિણી અકાળ મૃત્યુથી મરી !!!
રઘુપુત્ર અજરાજાની વ્હાલી ઇન્દુમતિ ઉપર અરે !
આવી અચાનક સ્વર્ગથી સુર પુષ્પ પડતાં તે ખરે !
સ્વર્ગે ગઇ તે સુંદરી તેમ પતિવ્રતા મારી ગઇ !
રઘુ કાવ્ય સર્ગ આઠમે અજની દશા મારી થઈ !!!
રઘુ કાવ્ય લેખક નચિંત નવરો રસિકને સુખી હતો.
વરદાયી ને કવિકૂળ તિલક કવીન્દ્ર રૂપે તે હતો
તેણે શીઘ્ર બુદ્ધિથી શાંત ચિત્તે રસિક કાવ્ય લખ્યાં હતાં
પણ હું અરે ! હિણભાગી નિવડયો સુંદરી સ્વર્ગે જતાં
દુઃખાબ્ધિમાં ગરકાવ થયેલો અલ્પમતિનો હું અતી,
હું રંકનું ઘરસૂત્ર ભાંગ્યું તે ચિત્ર न भूतो न भविष्यति,

જેવું ગણાયું વિશ્વમાં દુઃસહ અને દુસ્તર વળી,
તેવા પ્રસંગે નષ્ટ ચિત્તે કાવ્ય લખ્યું ખૂણે વળી. ૩૬
ભાવ, આશય, વિષયકે વળી વસ્તુસંકલના તણો,
પદક્રમ સચવાયો નથી, પણ હેતુ ઉંડો છે ઘણો;
પતિવ્રતાની પ્રશંસા જોઈ ગુણ ધર્મ વિચારજો,
તાત્પર્ય સમજો સમર્થન કરી અખંડ શાંતિ વધારજો. ૪૦
પિતૃગૃહે માબાપની સેવા કરી કુળ તારતી,
સ્વામી ગૃહે નવું સ્વર્ગ રચીને કુળ એકોતેર તારતી;
પતિનેજ પ્રભુ ગણી સત્ય શીયળ પાળતી તેથી સતી,
પૂર્ણ પતિવ્રત પાળ્યું માટે પતિવ્રતા મેં ગણી હતી. ૪૪
અચલ શ્રદ્ધા પૂર્ણ પ્રેમે પત્નીવ્રત પાળ્યું હતું,
ત્યારેજ મને સતી પતિવ્રતાનું શુદ્ધ સત્ત્વ મળ્યું હતું.
માટે મારી આર્ય ભગિનિ ! ને વળી મુજ બંધુઓ !
અમો દમ્પતી જેવાં થશો તો ઉતરશો ભવસિન્ધુઓ !!! ૪૮
પ્રેમી હૃદય આ ! અખિલ વિશ્વમાં પ્રેમમય સઘળું જુએ,
વ્હેમી હૃદયના કુટિલ પાત્રો કુટિલતા સઘળે જુએ;
કોમળ હૃદયનાં રસિક પુષ્પો પ્રહાર શી રીતે સહે,
આ મર્મચ્છેદક કર્કશ કુહાડાનો ઘાવ કારી નવ સહે. ૫૨
વજ્ર હૃદયના લોહ ગઠ્ઠા તાપ હથોડા બહુ સહે,
છતાં પીગળતા કે પ્રસરતા નથી વજ્ર વપુ તેનું રહે;
આકર્ષણે સ્તમ્ભી રહેલું અખિલ વિશ્વ ગણાય છે.
જેમ લોહ ચૂમ્બક લોહ ચમ્મે તેમ પ્રેમ જણાય છે. ૫૬

સંત મેઘે ક્ષાર જળનું પાન કરીને પેટમાં,
ક્ષારાંશ સર્વ છૂપાવીને મીઠું પાણી દીએ જગ વેઠમાં;
દુર્મુખ ફણિધરને સદા કોઇ ક્ષીર ખવડાવ્યા કરે,
તેનુ તીવ્ર દુસ્તર વિષ થઇ ફુત્કારા કરી ફેણુ ધરે. ૬૦
સંસાર રણમાં ઝુંઝતાં બખ્તર ન નેકીનું ધર્યું,
બખ્તર બદીનું પે'રતાં બેવફાઈથી આ ! જગ ભર્યું !!
દુષ્ટ બદીનાં અંધ યંત્રે વિશ્વ કાળું દેખાય છે,
પણ નેકી દુરબીન યંત્રથી બ્રહ્માંડ તત્વ દેખાય છે. ૬૪
હિરક સત્વ પ્રભાવ ઝવેરી હોય તે જાણે સહી,
પાષાણ ભેદુ સલાટ હિરાનું રહસ્ય કઇ જાણે નહિ;
આત્મ–પ્રકૃતિ–પ્રભાવ પ્રમાણે હૃદયપરીક્ષા થાય છે,
સંસ્કાર–જ્ઞાન–પ્રભાવ પ્રમાણે વસ્તુ નિરીક્ષા થાય છે. ૬૮

લેખકનો હૃદયહેતુ.

ગીતવૃત્ત.

વિગત વિલાપની વાંચી, અવળા પંથે પ્રયાણ નહિ કરશો.
હૃદય વૃત્તિ લખું છું, તેમાં સુજ્ઞો ધ્યાન જરી ધરશો. ૨
જેમ રંગ ભૂમિ ઉપર, ભિન્ન ભિન્ન વેશો એક પાત્ર ભજવે,
તેમ તરંગી ભેજું, પૌરૂષ બળનો પ્રયોગ આ ! ભજવે, ૪

નાટય પાત્રની કૃતિ જે, પ્રેક્ષક જનને મોદ બોધ દેવા,
તદ્દશ આ ! ખેલાડી જન જમાનાને ઉંડી અસર દેવા. ૬
વળી હું આ ! અવનિમાં, આર્ય બાળાનો હિમાયતી અરે ! છું.
તેથીજ તેના પતિને, હયાર્દ્ર રસીયો કરવા ઇચ્છુ છું, ૮
વળી સુકોમળ બાળાઓ પતિવ્રતાનું વર્તન ઉર ધારો;
ઉભય કુળને તારો, મુવા પછી તે મુકિત પામે સારો ૧૦
આજ ઉભય ઉદ્દેશે, કિંચિત્ માત્ર કવન કર્યું આજે,
સતી સુખ બહુ સંભારો, બળતાં ચિ તે લખ્યું સુજન કાજે. ૧૨
વિયોગી રામને નળનું, પ્રાચીન ચિત્ર હૃદયે ધરી જોજો,
પછી મુજ હૃદયને જોજો, ઇષ્ટ વસ્તુનો ધ્વંશ નહિ થાજો. ૧૪
નેત્ર હૃદયને ભેજું, જીવ માત્રનું ભિન્ન ભિન્ન નિરમ્યું છે;
તેથાજ એકજ વસ્તુ, ભિન્ન ભિન્ન ભાવે જગજન જુએ છે. ૧૬
પૌરૂષ બળતો વિધિએ, નિરમ્યું હશે તે કાયમ છે રહેલું;
વધઘટ રજ નથી થઇ પણ, ગંજ ભાલાનુ સંકટ છે સહેલું. ૧૮
ઉત્પત્તિમય આત્મા, વિપત્તિમય જરૂર તે થાશે;
સૌંદર્ય સંગીનતા, પુંજી મૂંજી ! ગુમાવાને જાશે. ૨૦
ભિન્ન ભિન્ન દેહીઓનાં, ભિન્ન ભિન્ન કર્મો આ ! ભિન્નના જે છે;
તે ભિન્નતા આધારે, મુવા પછી તે પુનર્જન્મ લે છે. ૨૨
માટે કોઈપણ અંગી, મરનારાંની ભેગું બળી મરશે;
તો પણ તેની સાથે, પુનર્ભવમાં ભેગાં નહિ મળશે. ૨૪

દેહીનો આ ! દેહ !, મરજી મુજબ નભતો નથી જાણ્યો;
સંયોગ વિપર્યય થાયે, અનુક્રમે આ ! ભવ બન્ધે તાણ્યો. ૨૯
તો પછી પરનો દેહ, શી રીતે કહો મરજી મુજબ નભશે;
ઋણાનુબંધ છૂટતાં, બાહ્ય વિષય સૌ સરર સરી જાશે. ૨૮
માટે હું અને બીજા, ! સંકટ સહીને ધૈર્ય અતિ ધરશો;
નવીન નૌકાયોગે, ભવસાગરમાં વળી લીલા કરશો. ૩૦

તથાસ્તુ !



સર્ગ—બીજો.

દમ્પતીનો સ્નેહ—દમ્પતી શબ્દનો સ્ફુટાર્થ.

હરિગિત છંદની ચાલ.

દમ્પતી રૂપ ડબ્બીમાં આત્મિક હિરા બે પડયા;
અદ્વૈત રૂપે ઐકય ગ્રહી તે ડબ્બીને દપટી પડયા.
પતિ પત્ની રૂપ બે અર્ધ ઢાંકણ પૈકી જો કોઇ ગૂમ થયું;
તો શેષ રહેલું અર્ધ ઢાંકણ ભવરણે રખડી ગયું, ૪
ભવાબ્ધિ તરવા દમ્પતીરૂપ નૌકા વિભુએ આ ! કરી;
ટંડેલ મહિલા સાથે પિયુડો સૂકાન તુતક કર ધરી.
ભર સમુદ્રે વહાણ જાતાં કર્મે સઢ તૂટી ગયું,
તે ઉભયમાંથી એક મરતાં બીજું નિરર્થક થઇ ગયું. ૮
" પ્રજોત્પત્તિનું યંત્રને ઈંદ્રિયજન્ય સુખ તણું,
સાધન ખરેખરૂં પત્ની છે " એવું મૂઢ જન સમજ્યા ઘણું;
અર્ધાંગનાનું રહસ્ય તો જગમાં અલૌકિક છે અરે !
પુરૂષાર્થ ચારે અપાવનારી સુપત્ની જગમાં છે ખરે !!! ૧૨
ગૃહિણી વિનાના ગૃહસ્થનું જીવતર તૃણીભૂત જાણવું;
સંતાનથી ઘર ભર્યું છતાં તે શ્મશાન સરખું માનવું,
આ ! શાસ્ત્ર વિદિત વાકય પ્રહારે ચિત્તના ચૂરા કર્યા,
ને જ્ઞાનમાં ગોથાં ખવાડી યોગીને પૂરા કર્યા. ૧૬

શ્રૌતયાગને શ્રૌતયજ્ઞો વિવાહ ઉપવીત જે અહિં,
વળી પુણ્ય સ્નાનને તિર્થ સ્નાન એ નારી વિણ બનશે નહિ,
નીલ શ્રાધ્ધને વૃષ શ્રાદ્ધ પણ પત્ની વિના બનતાં નથી,
ને વિધવા જેવા વિધુરનું મુખ વ્હેમી જન જોતાં નથી. ૨૦

આપણી સંખ્યાનો આદિભૂત અંક જે એકડો,
તેનાં અંગ સુજ્ઞ તપાસજો કે શી રીતે બન્યો એકડો;
મહિલા મીડુંને પતિ લીટો ભેગાં થઇ બન્યો એકડો,
સૂક્ષ્મ ઐકય સ્વરૂપથી બન્યો દમ્પતી રૂપ એકડો; ૨૪

એકડાની સમિપ મહિલા મીંડુ એકજ નાંખીએ,
તો પુરૂષ જાતીય એકડાનું મૂલ્ય દશ ગણું ચાખીએ;
મહિલા મીડાં રૂપ અંડમાંથી પિંડ આ ! સઘળા થયા,
તે પિંડ વડે સૌ યોગીઓ બ્રહ્માંડમાં પ્હોંચી ગયા. ૨૮

તે એકડા રૂપ દમ્પતીનું અંગ ખંડિત જો થયું,
તો અર્ધું અંગ જે શેષ રહેલું ભવરણે રઝળી ગયું;
તેવી રીતે જે ભવરણે પત્ની વિનાનો થાય છે,
તે દુર્ભાગી સંસારમાં હદપાર ગોથાં ખાય છે. ૩૨

સ્વામી શરીરનું ડાબું અંગ અર્ધાંગના કહેલુંજ છે,
ને સર્વ મનુજોનું હૃદય પણ ડાબી તરફ રહેલુંજ છે;
તેથીજ જેની સુંદરી સ્વામી મૂકી સ્વર્ગે ગઇ,
તે નષ્ટ હૃદયના નાથની જીંદગાની ધૂળધાણી થઇ. ૩૬

ભાર્યાજ પોતે સ્વામીની સદા અર્થદાત્રી ગણાય છે,
ને લોક યાત્રે ગરીબ પતિની એલી પત્ની ગણાય છે:
રોગાભિભૂત જ્યારે શરીર બની નિર્ધન નિર્ગત થાય છે,
ત્યારે અરે! સુપત્ની ફકતજ પતિ પાસે જાય છે. ૪૦

તેથીજ વૃદ્ધ રોગી તણું સંજીવનૌષધ સ્ત્રીજ છે,
ને હૃદયનો વિશ્રામ પતિનો ફકત એકલી સ્ત્રીજ છે;
પત્ની સરખો ભવરણે કોઇ મિત્ર કે બન્ધુ નથી,
ને ભાર્યા સરખી શકિત કે ભકિત બીજી કોઇ નથી. ૪૪

પત્ની સરખો ઉમંગ કે ઉત્સવ બીજો જગમાં નથી,
ને ધર્મ સંચય મોક્ષ સાધન પત્ની વિણુ બનતાં નથી;
કોઈ પુત્ર પૌત્ર વધૂ અને ભૃત્યો પરિજન સર્વથી,
ઘેરાયલો ગૃહિણી વિનાનો ગૃહસ્થ વ્યર્થ છે સર્વથી. ૪૮

ઘર છોડી ગૃહિણી સ્વર્ગે વળે તે ગૃહસ્થને શું માનવો?
તરણા તુલ્ય ગણાય જગમાં ધૂમ્ર સરખો જાણવો;
જીંદગી ધૂળધાણી થઇ જીવતો મુએલો માનવો.
જેમ વૃક્ષ ઉખડી પૃથ્વીપર પડે તેમ તેને જાણવો. ૫૨

માટેજ જેનું ઘર અરે! ગૃહિણી વિના ખાલી થયું,
તે અરણ્ય જેવું થઇ જઇ દાવાનળે સળગી ગયું;
મધુભાષિણી ચિત્રાઙ્ગી જેવી ગૃહમાં ગૃહિણી નથી,
તેવાં જીવિતમાં લાભ નથી ને જીવનનું પ્રયોજન નથી. ૫૬

પતિ તણા સર્વાંગનો વિકાસ કરતા સ્ત્રીજ છે,
વળીહૃદયચિકિત્સા પ્રેમથી કરનાર ફકતજ સ્ત્રીજ છે;
દશ ઇંદ્રિયોને મન તણી માલિક પતિની સ્ત્રીજ છે,
ને આત્માની અધિષ્ઠાત્રી રૂપે ફકત એકલી સ્ત્રીજ છે. ૬૦

પ્રેમ રાજ્યમાં મદન કેદીનો કયાસ કરનારી અરે !
ત્સલનો વિનિયોગ કરી પીયૂષ પાનારી ખરે !
મહાન તકશીર નાથની સૌ માફ કરનારી અરે !
નાથની તદ્બીરતાલા તારૂણી જગમાં ખરે. ૬૪

મદોન્મત્તે કોઇ પ્રમત્ત બનેલા પુરૂષની પ્રિયાંગના,
સંજીવનૌષધી પાઇ મદ ઉતારી દે અર્ધાંગના;
સાક્ષરો વિપરિત સમયે રાક્ષસો બની જાય છે,
તેનું નિવારણ પ્રેમદાનો પ્રેમ મંત્રજ થાય છે. ૬૮

નિરૂત્સાહિ જીવતર ગાળતા હૃદયે બળી ભૂખ્યા ભમે,
તે ક્ષુધાતુર, કહો, કયું કયું નથી પાપ કરતા ભવવને;
અમોઘ તપનું દાન પણ પત્ની વિના વણસી ગયું,
યાદ કરો આદ્યન્તથી કે પત્ની વિણ શું શું થયું ? ૭૨

વિશ્વામિત્ર પરાશરાદિ મુનિ મહન્તો ધ્યાનમાં,
વાતામ્બુપર્ણાસન વડે રહેતા હતા એકાંતમાં;
તે પણ બિચારા હાયરે ! જોતાંજ દીવાના થયા,
સ્ત્રી મુખ પંકજ સુલલિતાના મોહમાં ગબડી ગયા ! ૭૬

તો ગૃહ નિવાસીન માનવો ! ખટરસ ભોજન ચાખતાં,
વિવિધ ભોગ વિલાસ કરેલાં રસિકવાણી ભાખતાં;
ઇંદ્રિય નિગ્રહ રાખશું એવો કહી ફાંકો ધરે,
તો અગાધ જળ સાગરપરે વિંધ્યાદ્રિ સુખરૂપે તરે. ૮૦

માટેજ મારા મિત્ર ! આ! પત્ની તણોજ પ્રભાવ છે,
સર્પસેતુ શિર ધરે એવોજ પુરૂષ સ્વભાવ છે;
પુરૂષના પ્રેમી હૃદયનો ભરોસો પડતો નથી,
માદ્રી પાન્ડુના દાખલાથી અજાણ્યું કોઇ જગમાં નથી. ૮૪

છે, પ્રેમ એવી અજબ ચીજકે પ્રાણુ લઇને જાય છે,
અનેક ભવ ભટકયા ફરીને પ્રેમમાં લય થાય છે;
કાદમ્બરીનો ગ્રંથ મહેદહુનિધાહુમાં રાખ્યો હશે,
તો દમ્પતીનો પ્રેમ ત્રણુ ભવમાં ભૂલાયો નહિ જશે. ૮૮
હૃદયેશ્વરી કે જીવનદોરી જીવન ઝરણી જે ગણો,
તે તેજ છે, બધું એજ છે, કંઇ ભેદ બન્ધુ નવ ગણો;
આ પ્રમાણે દમ્પતીનું રહસ્ય જૂજ સમજાવીયું,
વ્હાલી વિનાના ભેખથી આ ! પ્રેમ રાજ્ય ભજાવીયું. ૯૨
દમ્પતીનું રહસ્ય સમજી આર્ય ભગિનિને ભ્રાતૃઓ !
અમો દમ્પતીનો ધર્મ ગ્રહી સુખી કરો સૌ પુત્રીઓ !
પ્રેમઘેલાં હૃદય રસિલાં અમારાં જેવાં થજો;
સતત સુખ સૌ ભોગવી મરણાન્તે પણ ભેગાં જજો. ૯૬
જે ગૃહસ્થને ત્યાં દમ્પતીના ધમ કોઇ સમજે નહિ,
અજ્ઞાન મૂઢ ઉછાંછળાં હોઇ ફરજ કંઇ સમજે નહિ;
કોમળ હૃદયનાં પ્રેમ ઘેલાં રસિક જન હોયે નહિ,
તે ગૃહસ્થનું ગૃહ ત્યાગ કરી પાછું ફરી જોશો નહિ. ૧૦૦
જ્યાં ગૃહિણીને ગૃહદેવી ગણી દેવી તરીકે મનાય છે,
વળી પ્રેમ–સુખ–શાંતિ તણું જ્યાં સામ્રાજ્ય જણાય છે;
જ્યાં વૃદ્ધ વડિલો દેવ તુલ્ય ગણાય, ને સુખ સૌ લહે,
જ્યાં નીતિવિષયક સંપત્તિને કુલીનતા દીપી રહે. ૧૦૪
જ્યાં ધર્મ સત્યને વેદ વાણી અચલતા ગ્રહીને રહે,
જ્યાં પંચ યજ્ઞની વેદિઓ પરિપૂર્ણતા પામી રહે;

ત્યાં હોય ભલે એક પર્ણ કૂટી પણ સ્વર્ગનું સુખ ત્યાં વસે,
તે ગૃહસ્થને ત્યાં કન્યાદેવી ઇન્દ્રાણી તુલ્યે થશે. ૧૦૮
બાળ લગ્નની દુષ્ટ હોળી ઝટ બૂઝાવી નાંખજો,
યોગ્ય વયનાં થાય ત્યાં સુધી કુંવારાં રાખજો;
દમ્પતીનાં સતત સુખનો માર્ગ ખુલ્લો રાખજો,
કાગ કોટે રત્ન બાંધી બાળ ભવ નવ બાળજો. ૧૧૨
વિવાહ તણી લખ સપ્તપદીને સંવનન સમજી શકે,
પરિશિલન પ્રીતિને દમ્પતીનું રહસ્ય જે સમજી શકે;
એવી વયે સંતાનને વિવાહિત કરવા ધારજો,
નવીન સુધારા હસ્ત ગ્રહીને બાળ દુઃખ નિવારજો. ૧૧૬
સુધારા તણી ટોચે ચઢેલા સર્વદેશ નિવાસીઓ,
જ્યારે બ્રહ્મચર્ય વયે ફરે, ત્યારે વખત અહિં શો! આવીઓ!
જ્યારે સંવનન રચે તેજનો, ત્યારે અહીં રંડાય છે,
જ્યારે લગ્ન કંકણ કર ધરે, ત્યારે કા'ણ અહીં મંડાયછે!!! ૧૨૦
જ્યારે લગ્ન કરી સાથે ફરે, ત્યારે હોળી અહીં પ્રગટાય છે,
તેમાં પુષ્પ સરખાં દમ્પતીઓ ધડાધડ હોમાય છે;
તેત્રીશ વરશનાં લાલ લલના લાડ ઘેલાં થઇ ફરે,
ત્યારે અહીં હિણ ભાગ્ય બની ભવ દુઃખમાં ઝુર્યા કરે. ૧૨૪
દુસ્તરાક્ષય દુઃખતણો ઓવારો પણ દીસશે નહિ,
અંધ પન્નગ પેઠ તેને ઉપાય પણ સૂઝશે નહિ;
સંસાર બગીચા કુંજમાં દુઃખ પૂંજની શય્યા થશે,
પુષ્પ શય્યા વણસી જઇને બાણ શય્યા થઇ જશે. ૧૨૮

સર્ગ ત્રીજો.

વિષય–પતિવ્રતાનું પ્રશંસાત્મક નિત્ય કર્તવ્ય.

રાગ--હરિગિત છંદની ચાલ.

આ ! દાસ ઉભો હાથ જોડી જગત લજ્જા છોડીને,
અષ્ટાંગ સહ વન્દી કરી મર્યાદાસેતુ તોડીને;
નિર્લજ્જને નિષ્ઠુર બની નિર્ભય થઇ કવિતા કરૂં,
સત્યગુણ દર્પણ કવનનું સુજ્ઞ સેવામાં ધરૂં. ૪
વ્હાલી વનિતા વેલડી, મમ જીવનદોરી પ્રિયાંગના,
તું પતિવ્રતાનો પ્રભાવ કથતાં હૃદય પામે વેદના;
પ્રિય સતી સન્મુખ ઉભો સ્વામી તારો કર ધરી,
માગે પ્રસાદી કવન કરવા આપજે તું દયા ધરી. ૮
તારી દિનચર્યા તે સ્વામી સેવા સત્ય બીના વર્ણવું,
કર્તવ્ય નિત્યનું તારૂં લખી કૃતાર્થી થવા હું વર્ણવું;
શું ગયું ? ને શું થયું ? એ વાત કોઇ ઇચ્છશો નહિ,
પીયૂષ વિષ પાનારનું રે ! નામ પણ પૂછશો નહિ. ૧૨
પતિવ્રતા તું પ્રભાત પહેલાં ચાર વાગે જાગતી,
શય્યા મહીં જાગ્રત થતાં પ્રભુ નામ તું જપતી હતી;
પર્યંકથી નીચે ઉતરી ઝટ વસ્ત્ર તું સજતી હતી,
ગૃહદીપક સળગાવી કરી તેને નમન તું કરતી હતી. ૧૬

ઉષ્ણોદક તયાર કરવા ચૂલો ઝટ સળગાવતી,
પછી દંતધાવન કરવા સારૂ સુંદરી પોતે જતી;
દાતણ કરી મ્હોં ધોઈ લુછી કરદ્વયતણું સંપુટ રચી,
સંભાગી દ્વાદશ સૂર્યને સંભારતી પાંચે સતી. ૨૦
પછી ઘરમાં આવી આખા ઘરનો કચરો પૂંજો વાળતી,
તમામ ધાતુપત્રો સઘળાં ખંતથી અજવાળતી;
અજવાળંતી ખૂબ હાથ ઘસીને ચળકતાં કરતી હતી,
તેને શુદ્ધ જળથી ધોઇ કરી વળી લુછી ગોઠવતી જતી. ૨૪
સઘળાં ધાતુપાત્રની ગોઠવણી મનમાનતી,
કરતી હતી બહુ અનુક્રમે ત્યારેજ તું ઠરતી હતી;
તાંબાકુંડીમાં ઉષ્ણોદક લઇ સ્નાન કરવાને જતી,
તીર્થ સ્તવન કરે સ્નાન કરતાં મંદસાદે તું સતી. ૨૮
સ્નાન કરીને શુદ્ધ થઈ તું વસ્ત્ર હિરાગળ પે'રતી,
વળી સરસ ચોળી પે'રી કરી સેંથો સુધારી ઓઢતી;
મસાલ જેવો ધૃતદીપક એવડો સળગાવતી,
દેવ સેવા વિધિ સહિત કરી પગે લાગી માગતી. ૩૨
"હે ! દેવ ! મમ ભર્ત્તારને સંતાનનું આયુષ વધો,
કલ્યાણ કરજો અમારાં સૌનું લાભ તું દેજે બધે;"
આવી રીતે હરરોજ સતી તું છ વાગે કે'તી હતી,
શુભ વસ્ત્ર બદલી લૂગડું પે'રી ઉમંગી પોતે થતી. ૩૬

'કુસુમગંગા' નાની પુત્રી તારી સાથે જાગતી,
તે સર્વ કાર્યમાં સહાયભૂત થઇ ધ્યાનમાં બધું રાખતી;
સતી પુત્રી મારી 'કુસુમગંગા' નીતિ રીતિ શીખતી,
વળી માતની તહેનાત નીચે ગૃહ વ્યવસ્થા શીખતી.
સ્કંદ જયન્તને ભિષ્મ સરખા આપણા પુત્રો હતા,
જે કિશોર વયના કાવલા અનુરૂપધારી તે હતા;
મંજુલ સ્વરે સૂતા જગાડી તેમને બોલાવતી,
દાતણ પાણીના લોટા ત્રણેના હસ્તમાં તું આપતી.
પછી ટટ્ટી કે દિશા જવાની લોટી ભરી દૂર મૂકતી,
ઉષ્ણોદકની કુંડી ભરીને પુત્રો માટે મૂકતી;
પાસે ટુવાલ બજોટીઆં મૂકવા જરી નવ ચૂકતી,
વારા ફરતી નવરાવીને પુત્રનાં ડીલ લૂછતી.
ભસ્મ ચોળી કપાળ ભાલે ત્રિવેણી મધ્યે સતી,
કુંકુમાંકિત ગોળ ચાંલ્લો, પુત્રોને કરતી હતી;
આ રીતે સંતાન સાનું જતન તું કરતી હતી,
પછી પતિ સેવા કરવા ખાતર સ્વામી પાસે તું જતી.
સૂર્યના છડીદારતણા નેકી પોકારો સાંભળી,
પો' ફાટતાં જગ જાગતાં સ્વામી સેવામાં તું ભળી;
અનુકુળ નિર્મળ ઉષ્ણોદકથી વિશાળ લોટો તું ભરી,
તેમાં વળી સવાવેંતનું દાતણ તું મૂકી કરી.
ચળકારા કરતો કળશીઓ એક હસ્તમાં ધરી આવતી,
જમણી કટીએ ગોદમાં લઇ બાળ 'નાનુ' લાવતી;

ગજગામિની ગુણમૂર્ત્તિ પોતે પલંગ પાસે આવીને,
મલકાવી મુખ સ્મિત હાસ્ય કરી સૂતો જગાડે સ્વામીને.
સદાય હસતાં ચંદ્રવદને પિતાપર તલપી પડી,
'નાનુ' નવલ કિશોર બાલુ મારી છાતીપર ચઢી;
ખડ ખડ હસી ખૂબ ખૂશ થઇ કલબારો કરી પાછો ખસી,
'જય જય' કરે કર કમળ જોડી માત સાથે ખૂબ હસી.

વાત્સલ્ય પ્રેમની બાળચેષ્ટા ત્રણે જણુ કરતાં હતાં.
પે'રણુ ઓઢણુનાં વસ્ત્ર સતી મુજ હસ્તમાં દેતા હતાં;
સાહડો કે પાટલો આગળ થકી મૂકી રાખતી,
દંતધાવનપાત્ર મૂકી ટુવાલ ઉપર ઢાંકની.

દાતણ કરી મૂખ ધોઇને પતિ ઘરમાં આવે જેટલે,
ગાદી તકીઓ ગોઠવી આસન બનાવે તેટલે;
પાન સોપારીનો દાબડો રિકાબી સાથે મૂકતી,
સાફ કરેલી પીચકદાની મૂકવા નવ ચૂકતી.

સ્વાદિષ્ટ સુંદર કોફી બનાવી સાત વાગે લાવતી,
રિકાબી પ્યાલું ચમચો લઇ તે પતિ પાસે આવતી;
કોફી ઉમંગે પાઇ પતિને પાન બીડી આપતી,
દિશા જવાનો લોટો પણ પાસે અરે! મૂકી જતી.

સન્નારી સતી અંદર જઈ સંતાન પરિજન સહુ મળી,
સાથે બેસી કૉફી પીતાં પ્રેમથી ભેગાં ભળી;

ગાર મૃતિકા મિષ્ટપાણી ટુવાલ સહુ આગળ ધરી,
ખરચુ જઈ પતિ આવતો તેના પાદ પ્રક્ષાલન કરી ૮૦
ઉષ્ણોદકની કુંડી ભરી લોટા સહિત તું મૂકતી,
પાસે પીતામ્બર શાલ વગેરે પાટલાપર મૂકતી;
શુદ્ધોદકથી સ્નાન કરી પતિ ઘરમાં આવે જેટલે,
સંધ્યાનો સિંહાસન પાટલો મૂકતી હતી સતી તેટલે ૮૪
સંધ્યા પૂજાનાં સર્વ સાધન પતિ આગળ મૂકતી,
જળ પાત્રને વળી ઘૃત દિપક મૂકવા નવ ચૂકતી;
સંધ્યા કરી છૂટો થયેલા પતિ આગળ પરવરી,
પહેરવાનાં વસ્ત્ર સર્વે પલંગપર ભેગાં કરી. ૮૮
પતિ પાસે થોડીવાર બેસી અનુક્રમે તે આપતી,
કરતી જતી હતી મધુર ગોષ્ટી સ્મિત સુધા વરસાવતી;
પતિ હસ્તે મુખે સ્વાંગ સજીને નોકરી ઉપર જતાં,
કે'તો હતો સતી ધન્ય તુજને પ્રેમથી છૂટાં થતાં ૯૨
નટવર વસંત બે પુત્ર હાઈસ્કૂલમાં ભણુતા હતા,
તે સતી પાસે તાજુ ખાણું માગવા ભેગા થતા;
તાજી ફુલકા રોટલીને શાક ભાજી બનાવતી,
દૂધ ઉકાળી થાળ પૂરીને પુત્રને ખવરાવતી. ૯૬
ભણુવા જનારા પુત્રને દશ વાગે સતી બોકી કરી,
આશિષ આપે છે અતિ ઓવારણા લઇ ફરી ફરી;
વિદાય કરતી પુત્રને પછી પાકશાળામાં જતી,
વિવિધ ભોજન ભાવતાં તૈયાર કરી ખુશી થતી. ૧૦૦

પાક શાસ્ત્રમાં પ્રવીણુ નિપુણુ પાકશાસ્ત્રી તું હતી,
પ્રેમદાના પવિત્ર હસ્તે રસોઇ તુરત થઈ જતી;
રસોઇ કરી રહી સતી મારી વાટ તું જોતી હતી,
અગીઆર વાગે આવતો પતિ પેખીને સામે જતી. ૧૦૪
પૂર ઉમંગે પ્રેમદા પતિ મૂખ ચંદ્ર નિહાળતી,
મિષ્ટ જળનું પાત્ર આપી ટુવાલ સાથે આપતી;
આપે પીતામ્બર હાથમાંને શાલ ઓઢાવે સતી,
ભોજન નિમિ-તે નાથને બહુ પ્રેમથી તે તેડતી. ૧૦૮
સિંહાસનવાળો પાટલો શણુગારેલો તું મૂકતી,
સન્મૂખ બીજો પાટલો મૂકવા જરી નવ ચૂકતી;
ચળકારા કરતો ચાંદી લોટો ઉપર પવાલું મૂકતી,
સ્વાદિષ્ટ નિર્મળ જળ ભરી ડાબી તરફ તું મૂકતી. ૧૧૨
ભોજનતણી તું થાળ પીરસી પતિ આગળ મૂકતી,
રસોઇ સઘળીને વસ્તુ વાંના મૂકવા નવ ચૂકતી;
દરરોજ આ રીતે સતી મને પ્રેમથી તું જમાડતી,
વળી પાસે બેસી મધુર ગોષ્ટીથી સ્વામીને સુખ આપતી. ૧૧૬
જમી ઉઠી પતિ પાન ખાઇ પરસાળમાં હરફર કરે,
ત્યારે સતી સંતાન પરિજન ભેગી મળી ભોજન કરે;
આરામ કે વિશ્રામ લેવા સ્વામીને ફરમાવતી,
આ ! હિણુભાગીને સૂવા માટે પલંગ તું બિછાવતી. ૧૨૦
તે પલંગપર આ ! પતિ તારો નિરાંતે બહુ ઊંઘતો,
મધ્યાન્હ સૂર્ય વધી જતો ત્યારે બે વાગે હું જાગતો;

વ્હાલી વનિતા પાસે પિયુડો ઠંડુ પાણી માગતો,
ઝટ પ્રેમ પ્યાલો પાણી દેતાં હુસ્ત ઠંડો લાગતો. ૧૨૪
ખરે બપોરે ઊંઘના મુજ વખતમાં તું જાગતી,
ઉચ્છીષ્ટ વાસણુ માંજીને બધાં વસ્ત્ર તું ધોતી હતી.
અરીઠાંને સાબુ ચોળીને ઘસી વસ્ત્ર ખૂબ ધોતી હતી;
બગ પાંખ જેવાં સાફ કરી તડકે તું સૂકવતી હતી. ૧૨૮
શય્યા બીછાંના આપણા દરરોજ તડકે નાંખતી,
નવરી પડેલી પલંગડોને પલંગ તડકે નાંખતી;
બેઠક બીછાંના ગાદી તકીઆ સાફ તું કરતી હતી,
એમ સર્વે સાધન સ્વચ્છ કરી નવી યોજના તું યોજતી. ૧૩૨
થાકી પાકી માથું દુઃખતાં ઘરમાં આવી સૂઈ જતી,
પાણી પીઈને સૂતાં સૂતાં બાળ "નાનું" ધવાડતી;
સાથે ગંગા પુત્રી પણ સતીમાત ભેગી સૂઇ જતી,
આરામ લઇ એક કલાકનો વળતી વનિતા ઊઠતી. ૧૩૬
અથાણાની બરણી તપાસીને બધી યુક્તિથી ઝટ બાંધતાં,
પછી ફાટાં તૂટાં વસ્ત્ર સર્વે થીંગડાં મારી સાંધતી;
ચોળી ચણીઆ બહન નાનાં હુલક્કાં કપડાં સીવતી,
એમ ગૃહ કાર્ય સમાપ્ત કરી વળતી સતી તું જંપતી. ૧૪૦
સૌંદર્યનું પૂતળું ને અમૃત અક્ષીજળ તગતું હતું,
હેતુ વિના હસતો સદા ચંચળ જેનું ચિત્ત હતું;
એવા 'મનુભાઇ' પુત્રને નિશાળેથી ઘેર લાવતો,
પુત્ર સાથે પતિ તારો એક ચિત્તે આવતો. ૧૪૪

સંતાન સાથે પાંચ વાગે બારણે બેસી સતી,
પતિ આવ્યાની વાટ જોતી, ધન્ય છે તારી મતિ;
સ્વામી સાથે તારામૈત્રક સ્નેહુથી કરતી હતી,
સૌ શમ્ભુમેળો ઘરમાં આવે ત્યારે તું ઠંડી થતી. ૧૪૮
ત્રિલોક સત્વના સારને જેની દૃષ્ટિ તૃણીકૃત ગણે,
વળી ધીર લલિતની નયન ચેષ્ટાને ગતિ થકી પૃથ્વી નમે:
કૌમાર કીશોર વય છતાં ગિરિસમ ગામ્ભીર્યે ભર્યા,
આવે શું મૂર્તિમાન વીરરસ! કેઆ! રતિપતિ એ વર્યા. ૧૫૨
એવા અમારા પુત્ર બે મગરૂર થઇને મા'લતા,
'નટવર, વસંત' બે ભેગા મળી લવકુશ સરખા ચાલતા;
અંગ્રેજી હાઇસ્કૂલથી સવા પાંચ વાગે આવતા,
તેવા માત સતીને પાયે લાગી ધાણી પહુવા માગતા. ૧૫૬
સ્વાદિષ્ટને સુંદર મજેના ચા' બનાવી મૂકતી,
નાસ્તો ઠુંગણુની રિકાબી ભરી મૂકવા નવ ચૂકતી;
પ્રેમઘેલી પતિવ્રતા સ્વામીને સદા બોલાવતી,
સૌ શંભુ મેળો ભેળો કરી પ્યાલાં રિકાબી આપતી. ૧૬૦
રાત્રે વળી વાળુ તણી પરિપૂર્ણ તૈયારી કરી,
મનમાનતું વાળુ કરાવે સર્વને સ્નેહે ભરી;
બજારમાં ફરવા ગયેલા પતિ માટે પ્રેમદા,
વિવિધ ભોજન પાત્ર પીરસી ઢાંકી મૂકે નર્મદા! ૧૬૪
સાંકડાં ભાડાંના ઘરમાં ગૃહ નિવાસીન સર્વને,
સૂવા માટે સવળતા કરતી હતી ધરી ગર્વને;

પર્યંકપર પોચાં બિછાંના સર્વને કરી આપતી,
સ્વામી માટે સરસ સુંદર પલંગ તું શણગારતી. ૧૬૮
સંતાન પરિજન સર્વ સાથે એટલે બેસી કરી,
વાત કરતી વાટ જોતી રટણ મારૂં મન ધરી;
બજાર ફરી ઘેર આવતો પતિ દૂરથી દેખી સતી,
મોડું થયાનો ઠપકો દેતી બગાસાં ખાતી જતી. ૧૭૨
ઠપકો દઇને પતિ સાથે વાત કરી ખુશી થતી,
હાથ પગ ધોવાનું પાણીને ટુવાલ પણ આપી જતી;
"ચાલો, ઊઠો ઊઠો વાળુ કરવા" એમ તું કે'તી હતી,
આગ્રહ કરી વાળુ કરાવે પછી સતી ખાતી હતી. ૧૭૬
એકાંત સ્થાને પલંગ પાસે ગાદી તકીએ આવતો,
નચિંત થઇ નવરો પડી પતિ પાનબીડી ચાવતો;
તેની આસપાસે પતિવ્રતા સંતાન લઇને બેસતી,
આનંદ મૂર્ત્તિ પતિ સાથે ગોષ્ટી ખૂબ કરતી હતી. ૧૮૦
મીઠી વાત કરતો શાંત ચિ-તે પલંગપર સૂતો સૂતો,
પ્રેમ ઘેલી હસીલી રસીલી ચમ્પી કર્યે જંપી જતો;
આખા શરીરની ચમ્પી કરી સતી પુત્રને કેડે લઇ,
ઘરમાં જઇને સૂઇ જતી હતી, તે વેળા હવે કયાં ગઇ? ૧૮૪
અમૃત જેવી સત્વગુણમય બોધ શકિત તું રાખતી,
ત્રિલોક સત્વનો સાર સમજી સત્ય વાણી ભાખતી;
દીક્ષાનો વિનિમય પ્રેમથી કરી સ્વામીને સુધારતી,
અમૃત–નેત્રાંજન–સતી સુખ આપી કીર્ત્તિ વધારતી. ૧૮૮

સર્ગ ચોથો.

વિષયઃપતિવ્રતાની સામાન્ય પ્રશંસા-સામાન્યકર્ત્તવ્ય.

રાગ-પ્રથમ સર્ગ મૂજબ.

વ્હાલી તને બે બોર ખાટાં તારી સખી કોઇ આપતી,
તેમાંથી તવ સંતાનને તું બોર એકજ આપતીઃ
છૂપી રીતે કટી ઓટીમાં બીજું બોર તું સંતાડતી,
પતિ પાસે આવી પ્રેમથી વ્હાલી મને તે આપતી. ૪
વ્હેવારૂં બે પૂરી વડાં સૌ ગૃહસ્થ ઘરથી આવતાં,
ઢાંકોઢુમોને ભાણુ સઘળાં શુદ્ધાશુદ્ધ જે આવતાં;
વળી કા'ણુ કે મોહોકાણુના મેસુર કે ગુલ પાપડી;
લાડુ વગેરે આવતું તે મૂકી છાંડતી બાપડી. ૮
અવિચ્છિન્ન રાખી મૂકેલું તે સર્વ સ્થાલીમાં ભરી,
શ્વેતવર્ણી વિશાળ સ્થાલીમાં યુક્તિથી મૂકી કરી;
તે સભર ભોજન પાત્ર પત્નીની પ્રેમથી તું પૂરતી,
નાજૂક નખરે સ્મિત કરી ભોજન સમયે મૂકતી; ૧૨
ગુણીયલ સલુણી પિયર પક્ષમાં જઈ ફરીને આવતી,
ત્યાંથી વિવિધ બહુ વસ્તુવાનાં લાડવા બહુ લાવતી;
તે લાડવાનો હાબડો ભરીને મને તું આપતી,
રકઝક કરી સોગન દઇ બધા ખાવાને ફરમાવતી. ૧૬

સંતાન સૌને મિષ્ટ મોહક ભાગ પડતા આપતી,
વળી પોંક, રાતી જુવાર, લાડુ, તમામ ઘેરે વ્હેંચતી;
જે લાવતી તે વ્હેંચી દઇ બહુ ભલાઇ લેતી ગામમાં,
પણ અંતે તે કોઇ કામ ના’વ્યા. ના રહી કંઇ નામના.
પર દુઃખ ભંજન ઉદાર મેઘ સમી હતી શાણી સતી,
સૌ ગ્રામ્ય પુરન્ધ્રીને પ્રેમથી મોં માગ્યું તું દેતી હતી;
અમૂલ્ય અમ્મર પાણકાને ચિત્ત ચોરક ચોળીઓ,
પે’રાવી પટરાણી બનાવી પાડે તેને ઓળીઓ.
ઘણા હેમદાગીના હતા છતાં જાતે તું નવ પે’રતી,
પણ વગર માગ્યે શુભ પ્રસંગે ગ્રામ્યજનમાં વેરતી,
તે ગ્રામ્યજન સૌ ગુરૂવારની કાળરાત્રિએ કયાં ગયાં ?
મોહોકાણ વાડીના માંડવે હદપાર અમે દુઃખી થયાં.
પિયર જતી પણ વૃત્તિવાણી વિચારને ધન સર્વજે,
વળી આત્માને આત્મિક સમૃદ્ધિ અર્પતી મુજમાંજ તે;
પછી શુષ્ક શરીરનું ઢોકડું લઇ પિયર પક્ષે તું જતી,
ત્યાં જંપતી નવ રંજતી પણ જલદી પાછી આવતી
સાગરપતિની સોડમાં જવા જાહ્નવી વેગે વહે,
તેમ ત્વરિત ગતિએ વલ્લભા વલ્લભને મળવા ચહે;
અવગણના કે જનહાસ્યની દરકાર જરી નવ રાખતી,
આગ્રહ સાંકી પુણી તણાતો છોડી હઠ કરી આવતી.
જેમ કૃષ્ણપક્ષમાં વિરહ વેઠે મ્લાન ક્ષિણ ભૂત ચંદ્રનું,
દર્શન કરવા ઉર્ધ્વ મૂખથી કુમુદની તલપે ઘણું;

તેમ ચંદ્રવદની પત્ની મારી ચિંતવન મારૂં કરે,
પેખે પતિમુખ ચંદ્રને ત્યારેજ તે જંપી ઠરે.
જેમ સૂર્યપતિના અભાવથી નિશામંહીં સરોવર વિષે,
શરીર સંકોચી સ્વાંગ તજીને પદ્મ ઝૂરપે તે મિષે;
તેમ કમળવદની વ્હાલી વનિતા ઝંખના મારી કરે,
ને સૂર્ય દીઠે પદ્મ ખીલે તેમ તે શાંતિ ધરે.
જેમ વિત્ત ચોરક ચોરટાઓ જલદી પો'બારા કરે,
પરાભવ પામેલો વીર યોદ્ધો ચટકથી નાઠો ફરે;
તેમ ચિત્ત ચોરક ચોરટી ચાર્વંગી અતિ દુઃખ વેઠતી,
પીયરથી પાછી ફરી સતી સ્નેહ પૂર્વક ભેટતી.
વરસાદ પાણીના દિવસમાં સ્વામી ફરીને આવતો,
કાદવ કીચ્ચડમાં પડેલા જોડા ખરડી લાવતો;
ખરડેલા જોડા લાકડી ખૂબ ખંતથી ધોતી હતી,
ભીંજેલી છત્રી સૂકવી ઝટ સાફ કરી આપી જતી.
વરસમાં ઘણીવાર સ્વામીને બીમારી આવતી,
તેવા પ્રસંગે ઉદ્વેગી થઈ છૂપાં આંસુ પાડતી;
સુંદરી શણગાર છોડી સાધ્વી જેવી થતી,
ગ્લાનિ પામી દીન વદને સ્વામી સેવામાં જતી.
બીમાર પતિના પલંગ ઉપર સતત પાસે બેસતી,
મસ્તક પતિનું ઉત્સંગે લઇ દુઃખતું શીર ચાંપતી;
માવજત કરે મન માનતી આખું શરીર પંપાળતી,
એકાગ્ર ચિ-તે સ્નેહથી આરામ કરવા ધારતી.

વ્યાધિ ચિકિત્સા ખુબ કરી અનુકુળ ઔષધ આપતી,
પ્રતિક્ષણે પ્રમદા બિચારી શાંતિની સોઇ રાખતી;
અષ્ટ ગન્ધીય ધૂપ કરી અત્તર બિછાંને છાંટતી,
આજારી કે બીમારી લાયક સરસ ખાણું આપતી. ૬૪

વ્હાલી દયિતા શું લખું ? લખતાં શરમ આવે ઘણી.
છૂપાવ્યું ઘાણું હોવા છતાં, જે લખી માત્ર હિરાકણી;
બીમાર પતિને કેડપર બેસાડીને વ્હાલી સતિ,
લઇ જાતી હતી પિશાબ કરવા, ધન્ય છે તારામતિ ! ૬૮

જેવી રીતે સતી તું પતિની સરભરા ઉઠાવતી,
ને અચલ શ્રદ્ધા પૂર્ણ પ્રેમે સ્વાર્થ ગર્થ ગુમાવતી,
તેવીજ રીતે અનુસરી આ ! સ્વામી તારો વર્ત્તતો;
તારી પ્રસન્નતા સાચવી સેવાકરી ધન ખર્ચતો. ૭૨

દૂઝણી મહિષી આપણે પ્રત્યેક ગામે રાખતાં,
તેના પ્રતાપે તક્ર, દધિ, દૂધ, ઘૃતની ભીડ ભાંગતાં;
જેમ નન્દિની ધેનુતણી રક્ષા સુદક્ષિણા ધારતી,
તેમ સતી મારી સુદક્ષિણા ધેનુ મહિષીને પાળતી. ૭૬

ઘણી તીર્થ યાત્રા પતિપત્ની શ્રદ્ધાથી કરતાં હતાં,
સાથે ભગિનિ પુત્રીને સંતાન નાનાં લઇ જતાં;
આર્યાવર્ત્તની મધ્યનાં ઉપતીર્થે સઘળે ફરી વળ્યાં,
પણ ચાર ખૂંટ બાકી રહ્યા છતાં, અધૂરે સ્વર્ગે વળ્યાં. ૮૦

જ્યાં જ્યાં ફર્યાં તે તીર્થ ક્ષેત્રે પતિ સાથે શુદ્ધ સતી,
અભિષેકને નિષેક કરતાં એક વસ્ત્રે દમ્પતી;
તીર્થ સ્થળની પરિક્રમા કરી તીર્થોદક લેતી હતી,
સાધુ સંતને અન્ન વસ્ત્રનું દાન તું દેતી જતી. ૮૪
તીર્થ પ્રસાદી પોટલો જાતે ખરીદી લાવતી,
તીર્થ ક્ષેત્ર બજારમાંથી વિવિધ વસ્તુ આણતી;
કસબી ખંડ લોટા પવાલાં ભેટ દેવા લાવતી,
તે સ્વજન પરિજન ભેગાં કરી પ્રત્યેકને તું આપતી. ૮૮
ઉભય પક્ષનાં આપણા બહુ સગાં સ્નેહીઓ હતાં,
અનેક ભિન્ન ભિન્ન સ્થળ વિષે તે નિવાસ કરી રે'તાં હતાં;
તે સર્વને બહુ યાદ કરી દરરોજ તું સંભાળતી,
પતિ પાસે બેસી સતી આગ્રહ પત્ર લખાવતી. ૯૨
"પરદેશમાં અમો રંકને તરછોડી દઇ ચાલ્યાં ગયાં.
અમને તમે ભૂલી ગયાં વ્હાલાં ! નમે'રાં કેમ થયાં ?
જો દયા હોયતો તુર્ત આવો, ઉમંગે લઉં આરતી,
મળવા નિમિ-તે જરૂર પધારો" એવું પોતે લખાવતી. ૯૬
સૌ સગાં સ્નેહી મિત્ર અતિથિ પ્રેમ પૂર્વક ચાલતાં,
મારૂં ઘર પૂછીને આવતાં તે સતીને મન ભાવતાં,
હું હોઉં કે નહિ હોઉં, તો પણ ખોટ [illegible] દેવી નહિ,
સત્કાર સૌને ઘટે તેવો ગૃ[illegible] તું કરતી સહી. ૧૦૦

દૂધ, ખાંડ, ઘી, ચા', તેલ ઉપર અતિ દરોડો પાડતી,
ગીરદી પરોણાની થતી તે સર્વેને મન ભાવતી;
દહાડામાં બે ત્રણ વાર મારા ખાશ મિત્રો આવતા,
તે ચ્હા પાણીને પાન ઉપર ધાડ સઘળા પાડતા. ૧૦૪

તહેવાર તર્પણ શ્રાદ્ધ સઘળાં સતી તું કરતી હતી,
ફરતી રસોઈ કરી સર્વ ટાણે સમ્ભુ મેળો જમાડતી;
દરરોજ આવી ધમાલ સુદામા આશ્રમે ઉડતી હતી,
સતીના પ્રભાવે વિદુર ગૃહે વૈકુંઠ લીલા થઇ જતી ! ૧૦૮

મારી ચાર ભગિનિઓ હતી, જે નનાન્દૃ તારી થતી,
તેને વરસમાં ત્રણવાર તેડે, ત્યારે તું ઠંડી થતી;
મિષ્ટ મોદક પૂરી વડાં મન માનતાં કરી આપતી,
પરિધાન વસ્ત્રો પૂરતાં આપી રાજી કરી વોળાવતી. ૧૧૨

વિશ્વંભરાવત્ જનની મારી, શ્વશ્રૂ તારી જે થતી,
ક્ષયરોગ પીડિત તે હતી, તેની શાથે તું સૂતી હતી;
તે સમય તારી કિશોર વય, તેર વરસની થાતી હતી,
સેવા કરી સાસુ તણી સ્વર્ગે વોળાવી તે સતી ! ૧૧૬

સાઠી વયના વિધુર પિતાજી શ્વસુર તારા જે થતા,
જે ન્યાયીને મળતાવડા છતાં વિચિત્ર પ્રકૃતિના હતા;
તે સિંહ માફક ધૂરકતા સસરાના શબ્દો તેં સહ્યા,
દશ વર્ષ તેં આજ્ઞા ઉઠાવી પછી તે સ્વર્ગે વહ્યા. ૧૨૦

શાંશાકવદની મૃણાલમુગ્ધા ત્રેત્રીશે નવરી પડી,
સ્પૃહણીય પતિની સાથે એકરાર ચિન્તે જઇ ભળી,
ચોત્રીશ વર્ષની વય સુધી સાથે રમી સાથે ફરી,
સાથે રહ્યાં રંગ મ્હેલમાં પણ ચોત્રીશે શકે હરી ! ૧૨૪

આખી ત્રિભુવન સૃષ્ટિમાં તારૂં ભુડું કોઇ નવ બોલતું,
સેતુરૂપ સતીનાર તારી મર્યાદા નવ લોપતું;
શ્રેષ્ઠ શબ્દોચ્ચારથી તને વંદી હસી લોભાવતાં,
તારી અમૃત રસના વાણી સૂણવા વિનવીને બોલાવતાં. ૧૨૮

જરીફને જુવાન સઘળાં ગ્રામ્યજન સતી પાસથી,
સલાહ ધીરજ સમજ લેવા આવતાં બહુ આશથી;
સમાધાન તેનાં મન કરીને શાંતિ સુખ સતી આપતી,
બનતી કોસીસે સ્હાય કરીને કષ્ટ સૌનાં કાપતી. ૧૩૨

"ભુલ્લીબ્હેન" કહે કોઇ "બા" કહે કોઇ માશી, ફુઈ, મામી કહે,
કોઇ "કાકી" કહે એમ વગર સગાઇએ માન સઘળાં તું લહે;
જ્યાં જ્યાં ફરી તે સર્વ સ્થળમાં માન સર્વે આપતાં,
વ્હાવટ તણી ચા' પાઇ તને વળી સોપારી બહુ આપતાં. ૧૩૬

જ્યાં જ્યાં મુસાફરીએ ફરી ત્યાં ત્યાં અમૃત વરસાવતી,
મુદિત આનંદ આપી સૌને સ્નેહ સત્યે હસાવતી;
તું પતિવ્રતાના પાદસ્પર્શે ભૂમિરજ સ્પર્શિત થતી,
તે સર્વ સ્થળમાં લિલા લે'રની શાંત વૃષ્ટિ થઇ જતી. ૧૪૦

ઉછાંછળી યુવાન કોઇ વિધત્રા કુછંદે ફસાયલી,
ને જગ્ત જીંહ્વાએ ચઢી કાળાં કલંકે હણાયલી;
તે દુર્ભાગીનું દુઃખ ટાળી જીવતદાન તું આપતી,
નીતિ વિષયક સંપત્તિનું દાન દઇને સુધારતી. ૧૪૪
ગ્રામ્ય જનનાં બાલુડાંની ગીરદી ઘરમાં બહુ થતી,
પ્રત્યેકને બોકી દઇ સતી સર્વને સંતોષતી;
પછી ધાણી ચણા પહુવા વગેરે તે બધાંને આપતી,
પટાવીને વોળાવતી એમ બાળગીરદી મટાડતી. ૧૪૮
વ્હાલી મારૂં જરીક જો કોઇ વાંકુ બોલે તે સમે,
તું ઉગ્રચંડિ બની જઇ વદનારને ઝાંખુ કરે;
પછી પતિ પ્રશંસા ખૂબ કરી કહેનારને વીલું કરે,
પ્રશંસા વળી સાંભળે ત્યારે સતી સુખે ઠરે. ૧૫૨
મારા મિત્રમંડળ પૈકીનો ઉછાંછળો કોઇ મિત્રનો,
વાતે ભળી વાયે વઢી મમતે ચઢી ફાંકો ધરે;
તો શાણી સતી મુજ પક્ષ ખેંચી વકીલ થઇ મારી વતી,
મમત મારો સત્ય ઠેરવી સામાને જૂઠો કરે. ૧૫૬
ડહાપણુતણી વહેવારીયણુની વખાર રૂપે તું હતી,
તેથીજ સર્વે ઉચ્ચ નીચા વ્હેવારમાં પ્રવીણ હતી;
તે સબબ ગ્રહીને ગ્રામ્યજન સૌ પૂછવાને આવતાં,
અતી નમ્રતાથી સૂઝ દઇ શુભ શ્રેય માર્ગ બતાવતાં. ૧૬૦
સૌ ગ્રામ્ય ગૃહસ્થની છોરૂ જોરૂ અણે ટાણે આવતી,
તે નિરખવા તું સદ્ય જઇ ઓવારણા ઓવારતી;

પછી ચરણથી તે શિર સુધીના સર્વ ભાગ નિહાળતી,
ચાંલ્લા ચોઢણના પૈસા દઈ ઉત્કૃષ્ટ આશિષ આપતી. ૧૬૪
દળણુ ખાંડણુ પાણી છાણીનું કામ કરનારી સદા,
આરેક તારી આવતી તેને માન દેતી તું સદા;
મધુર મંજુલ સ્વર થકી તું કામગીરી સોંપતી,
તેથીજ આરેક બાપડી તને 'બા' કહી બોલાવતી. ૧૬૮
આરેકડીને સહચરી ગણી વસ્તુ કપડાં આપતી,
તજી તાજું ખાજુ ખાણુ આપી પ્રેમથી લલચાવતી;
ચાકરડી કે આરેકડી તને માતૃકૃતગણી ચાલતી,
બમણું કામ કરાવીને પછી તેને તુ વોળાવતી, ૧૭૦
વહેવારને પિછાંન તારી એક ગામેજ નવ હતી,
પણ દશે દિશ વ્હેવાર કીર્તિ સર્વ ગામે ગાજતી;
આસપાસના ગામડાંના સુજ્ઞજન સૌ આવતાં,
તે સર્વ મનુજો પતિવ્રતાને પ્રણયથી બોલાવતાં. ૧૭૬
વલસાડ સુરત ભાગડાના શેઠ મિત્રો આવતા,
આશ્રમ મારો પૂછીને અધિકારીઓ પણ આવતા;
તે ગૃહવ્યવસ્થા સરભરા જોઈ ચકિત થઈને બોલતા,
"વાહ વાહ !' મે'તાજી ભાગ્ય તમારૂં" એમ સર્વે બોલતા. ૧૮૦
ભિન્ન ભિન્ન સ્થળના ચિરપરિચિત શિષ્યો મારા આવતા,
તે સર્વે શિષ્યો ગુરૂ પત્નીને 'બા' કહી બોલાવતા;
પુત્ર કૃત ગણી શિષ્યને ભોજન જમાડે ભાવથી,
પછી પ્રશંસા કરે છાત્રની સમ્બોધીને મુજ નામથી. ૧૮૪

અમૃતશિતકરસ્પર્શથી સ્વામીને સુખ બહુ આપતી,
જાણે ઇન્દુકર કંદલ કુટી મારા હૃદયમાં નિચોવતી;
કે તપ્ત જીવિત નાથના પરિતર્પણાર્થે પ્રિય સતી,
સંજીવ નૌષધિરસ સમૂહ મારાં ઉદરમાં હોય રેડતી. ૧૮૮
પતિવ્રતાનાં પનોતાં પગલે ઝૂપડું મંદિર થતું,
ને માંડવો તે મહેલ બની જઇ દેખીતું કૌતુક થતું;
સૌ રાચરચીલું રિદ્ધિ સિદ્ધિ તુજ પ્રતાપે આવતું,
સન્નારી સતીની પૂંઠ છળ સુખ દોડતું આવતું. ૧૯૨
શ્રીમંત કે ધીમંતની દરકાર જરી નવ રાખતો,
ઇન્દ્રને કુબેરની પરવા જરી નવ રાખતો;
આનંદને સંતોષ સુખ સિવાય કશૂં નવ જાણતો,
પતિવ્રતાના છત્ર નીચે સ્વર્ગનું સુખ માણતો. ૧૯૬

સાખી.

ત્રિવેણીની મધ્યમાં, લખનારો મળયો ઠગ, !
પ્રેમ બગિચા કુંજમાં, મૂકયો દુઃખનો ઢગ !
ત્રિભેટામાં ગુંચ્વી, પનોતીએ ભાંગ્યો પગ !
ત્રિભુવનમાં ત્રિવિક્રમે, રાખ્યો કંઈ નવ વગ ! ૨૦૪
પ્રેમ બગિચો વિશ્વમાં, ફાલ્યો ફુલ્યો અપાર;
ક્ષણિક સુખનો તે દીસે, ગોથાં ખાય ગમાર;
ક્ષણ ભંગૂર ભવવાટિકા, જ્યારે વણસી જાય;
ત્યારે લુબ્ધક દમ્પતી, પ્રેમી વીણ પટકાય; ૨૦૮

सर्ग पाचमो.

અકસ્માત આફત તથા પિતૃ મંદિરની સંભારણા.

લલિત છંદ.

અરર ! ઓ ! વિભુ ! કોપ તેં કર્યો,
વગર કારણે, દાસને ધર્યો;
સતી પ્રભાવનું, સ્વર્ગ ક્યાં ગયું ?
ગૃહિણી મારીને, આજ શું ! થયું ?
દગલબાજીની, રીત તેં ધરી,
ગુપત ઘા કર્યો, ક્રૂરતા કરી;
કપટ જાળ તેં, પાથરી દીધી,
અવળી બુદ્ધિ તેં, વ્હાલીની કીધી
પુણી લઇ જવા, વિનવી તને,
વિનયથીજ તેં, ના કહી મને;
પતિ તણો સતી ! બોધ ના ધર્યો,
મમતમાં ચઢી, દ્રોહ તેં કર્યો.
વિનવણી અરે ! સાંભળી નહિ,
પતિ વિના સતી, માંડવે રહી;
દિવસ પાંચનો, વાયદો કર્યો,
પછી પુણી તણો, પંથ મેં ધર્યો.

તુજ વિયોગથી, બાવરો બની,
અતિ ત્વરા થકી, કાર્ય, સૌ કરી;
તુજ સમીપ હું, આવતાં ફરી,
મુજ વિયોગમાં, પાપીએ ધરી !
પરિક્રમા કરી, માંડવે અરે !
ચરણ મૂકતાં, હાય ! હાય ! રે !
મરણ ખાટમા, હાંફતી અરે !
દીઠી હતી તને, વ્હાલી મેં ખરે !
પ્રબળ પ્લેગના, જાસુસો અરે !
ફરી વળ્યા હતા, વ્હાલી ઉપરે;
વિંટી લીધાં હતાં, અષ્ટ અંગ રે !
લુ લુ કરી દીધું, આખું અંગ રે !
હૃદયમાં બધું, રક્ત ઊકળે,
રૂધિર વાહિની, પૂર્ણ ઊછળે;
શિર અતી દુઃખે, રકત આંખડી !
સુતી સુતી રડે છેક રાંકડી !
ઉજડ માંડવો, નિર્જનો દિસે,
પરિજનો નહિ કોઇ ત્યાં દિસે;
ગુરૂ ગણી બધાં, શ્વાન બાપડાં
ઘડિ ઘડિ રડી સ્હાય આપતાં.
બગલમાં અરે ! 'નાનુ' ધાવણો,
સ્તન સતી તણા, ખેંચતો ઘણો !

પય મળ્યું નહિ, વ્યર્થ ખેંચતો;
કંઈ વળ્યું નહિ, ખૂબ ભેંકતો ! ૪૦
'મનુ' ગરીબડો, સ્હોડમાં સૂતો;
રૂદન ધારતો, તાવમાં હતો,
કુસુમ ગંગુ તો, ધ્રૂજતી હતી,
હિબક ખાઇને, પાંતમાં સૂતી ! ૪૪
સૂઇ રહ્યાં હતાં, એક ખાટલે,
બસ ! થયું નથી, દુઃખ આટલે;
રજનીમાં બહુ, મેઘ મણ્ડલે,
ગડગડાટથી, અભ્રકંદલે. ૪૮
મુશળધારથી, વૃષ્ટિ રે ! કરી,
પલળી સૌ ગયું ધ્રૂજતાં થયાં;
વિકટ વાર્ડીમાં, હાલ આ ! થયા. ૫૨
મદદ વૈદને, ડૉકટરો તણી;
લીધી હતીજ મેં, ભાવથી ઘણી;
ધીરમલ્લ દાસ ! રે ! મિત્ર મુજના,
બહુ થઇ ગયા, પાડ તુજના ! ૫૬
રજની વીતતાં, સાથરો બધો,
લઇ જવા અરે ! સાંકી ગામમાં;
દુઃખિત રંક હું, અશ્રુ ખેરતો !
લઇ ગયો સતી, દ્રવ્ય વેરતો ! ૬૦

સમાપ્ત.

પિતુર્મંદિરની સંભારણા.

હરિગિત છંદની રાહ.

તારૂં અને મારૂં પિતુર્મંદિર પુણી ગામમાં,
છે, ભવ્ય સુંદર શોભીતું જેની હતી બહુ નામના;
તે એક સરખા ઘાટનાં સન્મૂખમાં શોભી રહ્યાં,
ગૃહદ્વાર જેનાં સાંમસાંમે ઉભયના આવી રહ્યાં. ૬૪

વચમાં હવા વિણ કોઇ નડતર આંતરો બીજો નથી,
વળી છેક થોડું મધ્ય અંતર ચોક વીણ બીજું નથી;
ઘેર બેઠાં ઉભય ગૃહની વસ્તુ દેખી શકાય છે,
વળી તારામૈત્રક દમ્પતીનું સ્પષ્ટ પેખી શકાય છે. ૬૮

એવાં અનુકુળ મંદિરે હું, તું, અરે ! જન્મ્યાં હતાં,
પિતૃ ગૃહે બહુ લાડ ઘેલાં આપણે બન્ને હતાં;
માતા પિતાએ વૃદ્ધવયે બહુ દેવ દહેરાંએ ફરી,
કરી યાચના સંતાનની બાધા રૂધા તેણે ધરી. ૭૨

ત્યારેજ આપણો જન્મ શુભ સુખી ગૃહે થયેલો હતો,
ને, દેવના વરદાનથી ગ્રહ યોગ પણ ઊંચો હતો;
તેથીજ આપણી હસ્તરેખા વૃધ્ધ વડિલે જોઇને,
ઝોળીમાંથી ઝડપી લીધાં, ફાવ આપ્યો ન કોઇને. ૭૬

પાંચ વરસની આપણી કિશોર વય જ્યારે હતી,
ત્યારે ખરેખર લગ્ન બેડી આપણે પે'રી હતી;
બડી ધામધૂંમથી લગ્નમાં થૂ ! થૂ ! કરી પરણ્યા હતાં,
તે દિનથી સાથે ભણ્યાં સાથે બહુ રમતાં હતાં. ૮૦

તે ચિર પરિચિત પિતૃ ગૃહમાં તુજ વિના હું રંકરે !
ક્ષણ એક શી રીતે ટકા ? નથી કોઈ મારી સંગરે !
સાસૂ શ્વશુરને માતપિતા સ્વર્ગે ગયેલાં છે અરે !
નથી કોઈ મારૂં બેલી આજે, નિરાધારી હું ખરે ૮૪

શૈશવ વયે તવ લગ્ન કંકણુકર ધર્યો મેં સ્નેહથી,
તે દિનથી તે આજ સુધી તુજ પ્રસંગે પ્રેમથી;
વ્યાપાર મેં જે જે કર્યા તે મૂઢ બુદ્ધિના ઠર્યા !
જીવલેણુ ફળ તેનું મળ્યું, આ ! કોયલા કરમે ભર્યા ! ૮૮

પરિધાન વસ્ત્રને હસ્ત કાળા, મુખ કાળું તેં કર્યું !
કોમલ હૃદય કાળું કરીને જીવિત પણ કાળું કર્યું !
અથવા અરે ! મેં કોઠી ધોઇને પંક પુષ્કળ મેળવ્યો,
આત્મિક હિરો વ્યર્થ તારા પ્રેમમાં મેં ભેળવ્યો. ૯૨

પણ કર્યાં કર્મ તમામ મારાં વ્યર્થ કદિ પણ નવ જશે !
તું સ્વામી ઘાતિની પુનર્ભવમાં મુજ વડે દુઃખી થશે !
તૈયાર થઇ રહેજે સતિ ! હું આવતાં સુધી અરે !
અહલ્યાની પેઠે શલ્યા થઈ જા ! મુજ હૃદયમાં તું અરે ! ૯૬

અથવા ત્રિશંકુતણી દશામાં, આસપાસે સુંદરી !
નિરાકાર રૂપે નાથ શિરપર સતત ભમજે સુંદરી !
સુતક પતિ નિર્દોષ ઉપર વેર અવળું વાળીઊં,
તેં દુસ્તરાક્ષય દુઃખ સોંપી હૃદય મારૂં બાળીઊં. ૧૦૦

માટેજ તારો વૈર બદલો પ્રેમ વૈરે વાળવા,
ને શ્રાપથી તને મુક્ત કરીને બાકી રહ્યું સુખ આપવા;
આ ! દુઃખિત ભવનાં ક્લિષ્ટ કર્મો જ્ઞાન યોગે ભોગવા,
પછી પુનર્ભવ ધારણ કરો તુજ સંગમાં સુખ ભોગવા. ૧૦૪
આ ઘાત ને વળી પ્રત્યાઘાત તણો નિયમ તું મન ધરી,
અનુમાન કરજે ઉભય કર્મનું, સત્ય વાતજ એ ઠરી;
પ્રાણ વિનિમય શ્રધ્ધા બળથી હૃદયની ક્રિયા વડે,
થાય છે, ઐહિકભવમાં તેવું થાશે મુજ વડે ! ૧૦૮

સાખી.

હૃદાબ્જસ્થ જ્યોતિર્મય, પરમાત્માની પાસ,
પ્રાણ વિનિમય યોગથી, પૂરીશ મનની આશ.
સંત મેઘ સતી ઉપરે, પુષ્પ વૃષ્ટિ કરી આજ !
ૐ ! શાંતિ! શાંતિ! કરી, શાંતિ! શાંત! સતીકાજ ! ૧૧૨

सर्ग छठ्ठो

વિષય-પતિવ્રતાનું સ્વરૂપ તથા મારૂં જીવન.

માલિની છંદ.

શિર કુચ યૂથ વેણી, નિર્ખતાં નાગણી છે,
પણ મૃદુ વપુ ધારી, પુષ્પ વેલીજ તું છે;
શિર કુચ યૂથ વચ્ચે, બાળ આદિત્ય જેવી;
નર્શીબ સૂચવનારી, ટાલ છે રકત તેવી. ૪
તગ તગ તગ થાતું, ભાલ વિશાળ જેનું,
નિરખી શચી વિમાસે, એવું છે પ્રૌઢ તેનું;
નીલ વરણી વિધિએ, ઉર્ધ્વ રેખા કરેલી;
બસ ! બસ ! સતી ઉમા, તુલ્ય છે પ્રેમ ઘેલી. ૮
રસિક નયન તારાં, સ્વામીનું ભાન લૂંટે,
પીયૂષ-રસ-સરિતા, સદ્ય તેમાંથી છૂટે;
પ્રીતિ રસ છલકાવી, સ્વામીને સુખ આપે,
નયન મુરલિ તારી, નાથનાં દુઃખ કાપે. ૧૨
વદન કમળ તારૂં, ઓષ્ઠમુદ્રા ભરેલું;
અમીરસ ઝરતું છે, સ્મિત હાસ્યે વરેલું,
વચન રસિક તારાં, સાંભળી સૌ કહે છે,
જીભ મુખ થકી જાણે, દુગ્ધ કુલ્યા વહે છે. ૧૬

શુક મુખ અણી જેવો, નાકનો ઘાટ તારો,
વદન વિવર માંહીં, કોકિલા કંઠ સારો;
વિજળી ગતિ ગ્રહેલા, કર્ણ છે તીવ્રતારા,
મંદગતિથી થનારા, સાંભળે શબ્દ મારા. ૨૦
હૃદય કમળ તારૂં, સ્વચ્છતાથી ભરેલું,
હૃદય રમણ રાખી, ફકત તેને વરેલું;
હ્યદિ રટણ થતું તે, ફેફસાં શ્વાસ માર્ગે,
નિકળતું પૂર વેગે, નાસિકા દ્વાર માર્ગે; ૨૪
મગજ વિવર માંહીં, બુદ્ધિની ખાણ સારી,
હતી વળી બહુશ્રુતા, તર્ક સૌ જાણનારી;
કુચ મંડળ વિધિએ, ફકત સંતાન માટે,
લઘુકૃત–અમી–પૂર્ણા, રમ્ય આપ્યાં નિરાંતે. ૨૮
હિમ ગિરિપર જાણે, રાજહંસે વરેલું,
હ્યદિ કટી કૂખ વચ્ચે, પદ્મનાભિ ભરેલું;
ઉદધિઉદર તારૂં, રત્ન ગામ્ભીર્ય ધારી,
હતું અદ્દભૂત જેવું, માનકાસાર ભારી. ૩૨
સિંહ કટિ ! કટી તારી, સેવ્યનાં સુખ સાટે;
હતી વિભુએ નિરમી, નાથ સંતાન માટે,
અમળ કદલિ જંઘા, શોભતી વસ્ત્ર ઢાંકી,
પતિ તન મન તેણે, જીતી રાખ્યું ન બાકી. ૩૬
સુલલિત ભુજ પદ્મો, શું વખાણું અરે ! હું,
ચિર પરિચિત તારા, હસ્તને શું કહું ? હું;

નિધન સમય સુધી, સ્વામીનું કષ્ટ કાપ્યું;
અરરર ! સતી તેં તો, સુખ શું શું ન આપ્યું ! ૪૦

દ્રુત વિલંબિત વૃત.

પતિ સમીપ સદા ગજગામિની,
પૂર ઉમંગથી આવતી ભામિની;
હબહબા ભરી રીતથી વ્હાલથી,
લટકતી ખૂબસૂરત ચાલથી. ૪૪
સ્વર મીઠા કરતી હરિણાક્ષી તું,
પ્રીતી સુધા ધરતી મદિરાક્ષી તુ;
સરસ વસ્ત્ર સજી સતી આવતી,
બગલમાં વળી બાળક લાવતી. ૪૮
મંગળ સૂત્ર ગ્રીવામહીં ઓપતું,
પતિ જપાત્મક દાણિઉં દીપતુ;
વજનદાર સુના તણી બંગડી,
ચળકતી હતી હસ્તમાં પાટડી. ૫૨
સ્ફટિક રત્ન જડયાં તુજ કાપમાં,
ચળકતાં ખૂબીદારજ કાનમાં;
લટકતા નભચંદ્ર સમાનરે !
દીપતી રોહિણી ચંદ્ર સહિતરે !!! ૫૬
સમીપ બેસતી શાંત નિશા વિષે,
મધુર વાત વિનોદ તણા મિષે;

ચરણુ ચાંપતી વાત વધારતી,
મધુર ગોષ્ટી કરી ખૂબ રાચતી; ૬૦
પતિ તણો પરિતાપ નિવારતી,
સરસપાન બીડી કરી આપતી;
વિવિધ હાસ્ય વિનોદ કરી જતી,
હઠ હુસાહુસમાંજ છૂટી થતી. ૬૪

મરૂં જીવન.

રાગ ગજલ.

વિધાતાએ ખરે! મારી, લખી જન્મોત્તરી કાળી,
લખ્યા લેખો ખીલા મારી, નકામી મેખ છે મારી. ૨
ન કે'વાતું ન સે'વાતું, સજળ નયણે ન રોવાતું;
હૃદય ગુફા ન ખોલાતી, હૃદય બીના ન બોલાતી. ૪
સમય સંવાદી હોનારો, જગતનો ભેખ જોનારો;
બગીચા કુંજમાં ફરતો, વિવિધ પુષ્પો ગ્રહણુ કરતો. ૬
અલૌકિક સુખમાં ફરતો, સુમન શય્યે શયન કરતો;
હતી લાડી હતી ગાડી, હતીરે! મોગરા-વાડી. ૮
રસિક દીલદાર રસ રંગે, હૃદય રમણી પ્રિયા સંગે;
રમ્યો સાથે, ભમ્યો સાથે; જમ્યો સાથે, શમ્યો સાથે. ૧૦
લીધું હાથે, દીધું હાથે; કીધું હાથે, બધું નાથે;
ખરેખર પ્રેમનો પ્યાલો, પીધો તો તે નથી પ્યાલો. ૧૨

વિષય-સુખ-પ્રેમનો પ્યાલો, થયો તે વિષનો પ્યાલો;
સમાધિ યોગનો પ્યાલો, વળી વિદ્યાતણો પ્યાલો. ૧૪
હશે, તે સત્ય છે, પ્યાલો; સદા પીયૂષનો પ્યાલો;
રહ્યા બાકી ખરે ! પ્યાલા, થશે તે વિષના પ્યાલા. ૧૬

નથી લાડી, નથી વાડી, ગઇ ક્યાં મોગરા-વાડી ?;
થઇ તે વહ્નિની વાડી, બળી ગઇ પ્રેમીલી લાડી !!!. ૧૮
બગિચા કુંજમાં ફરતાં, નાગણ ડંખી રમત કરતાં;
બળી ગઇ જીંદગી મારી, બધી બાજી ગયો હારી. ૨૦

કાવડ મૂકી ગઇ ખાંધે, ઉપાડું છું વગર વાંધે;
નથી અભિલાષ ઉર ધરતો, નથી ક્ષણ એક સુખે ઠરતો. ૨૨
જંજાળી જીવ દુઃખ ધરતો, ફરે છૂપો રૂદન કરતો;
નથી પે'લી ! નથી બે'લી ! ગમે ત્યાં મૂકજો ઠે'લી. ૨૪
અમીરીને ફકીરીમેં, લખાવી છે લલાટે મેં;
જતરડે સાપ સપડાયો, કહો ક્યાં જાય ? પકડાયો !!! ૨૬

ચડયો હું ઈશ્ક જુગારે, પડયો પણ ઈશ્ક જુગારે;
ચઢ્યા પાસા બધા સીધા, પડ્યા પાસા હવે ઊંધા. ૨૮
થયા ભવ એક મહીં લાખો, થશે ભવ એજમાં લાખો;
મહિલા મોહની બાજી, ખરે ! દીસે દગલબાજી !!! ૩૦
અમીરી, એ, અપાવે છે, ફકીરી તેજ લાવે છે;
અમીરી ઠાઠમાં ફૂલ્યો, હતો, તે આ ! દુઃખે ઝૂલ્યો. ૩૨

હતી મારી જે ખૂમારી, ઉતારી તેં કરી ખ્વારી;
નથી બરકત કંઈ કીધી, બડી હરકત હવે લીધી. ૩૪
ભલે વાળ્યું અરે ! તેં વેર, કર્યો છે આજ કાળો કેર !!!
તણાયા ભલભલા ભારી, નથી કોઇને મળી બારી; ૩૬
ખિલેલાં પુષ્પ કરમાશે, દશા જોનાર શરમાશે;
દશાના ઢંગ બહુ ફરશે, જંજાળી જીવ ઝૂરી મરશે. ૩૮
નમન મારા તને વ્હાલી ! પીધી છે પ્રેમની પ્યાલી;
સલામો છે! સલામો છે! જીગરની આ ! સલામો છે!!! ૪૨
જીવન મારૂં થયું ખારૂં, પૂરાયું પ્રેમનું બારૂં !!!
હૃદય યાદી કરી તારી, ભુલી ભૂલાય નહિ મારી !!! ૪૨
ધર્યો તો ધર્મ તેં તારો, કર્યો ઇતબાર મેં તારો,
કશૂર વ્હાલી નથી તારી, વિધિની ભૂલ થઈ ભારી. ૪૪
ધર્યો તો હસ્ત તેં મારો, કૃતાર્થી હું થયો તારો;
ભુલી જા ! પ્રાણની પ્યારી, છૂટી થા ! ગૃહિણી મારી. ૪૬
તજી દઉં શોકનો વાગો, ફેંકી દઉં પ્રેમથી આઘો,
મહિલા મોહની કંથા, તજી દઉં પ્રેમના ધંધા. ૪૮
નથી કોઈનો હવે લાગો, સજી લઉં જ્ઞાનનો વાગો,
ધરા હું ધર્મની કંથા, કરા હું મોક્ષના ધંધા. ૫૦

सर्ग—सातमो.

વિષય હૃદય વિણા.

દ્રુત વિલંબિત વૃત્ત.

ગૃહિણી ! નર્મ સચિવ રૂપે હતી,
જીવનદોરી પતિ તણી તું હતી;
શુચિ સ્મિતા ! તું મનોહર લાઘવી,
સતી ક્ષમા ધારિત્રી રૂપ લાઘવી,
હતી છતાં અવજ્ઞા પતિની કરી,
કવણ કારણથી તું રીસે ભરી;
મનથી મેં કદી વાંક કર્યો નથી,
તન થકી પણ રોષ કર્યો નથી.
મલીન વાણીથી દોષ ધર્યો નથી,
કદી તને જરી દૂભવી મેં નથી;
વચન મેં કદી ભંગ કર્યું નથી,
પરકીયા તણું અંગ દીઠું નથી.
તુજ વિના કંઈ સુખ ધર્યું નથી,
તુજ વિના ક્ષણ એક ઠર્યો નથી;
રટણ તારૂં કદી વિસર્યો નથી.
ફરજ મારી કદા વિસર્યો નથી.

ગરજ ભંગ કદીજ કરી નથી,
અહિત તારૂં કર્યું કદી મેં નથી;
જરી તને કંઈ દુઃખ દીધું નથી,
કદી અપ્રિય તને કરી મેં નથી.
બની શકયું સુખ સર્વ હું આપતો,
સરભરા કરી સંકટ કાપતો;
સતત મેં પ્રિય શ્રેય કર્યું હતું,
સતત કાસદ કાર્ય કર્યું હતું
મુજ પડે સુખ શું શું નથી થયું ?
વદસખે ! દુઃખ શું શું નથી ગયું ?
તુજ વિના સુખ શું શું ગયું નથી ?
વદ સતી ! દુઃખ શું શું થયું નથી ?
સતી ! નમે'રી અને નુગરી થઇ !
કવણ કારણ ? કોપિત તું થઈ ?
ભવ કયા તણું વેરજ વાળીઉં ?
ગરીબ નાથ તણું હૃદિ બાળીઉં !!!
તપિત લોહ છતાં મૃદુતા ધરે,
પણ મૃદુ સતી માર્દવ ના ધરે ?
હદ થઈ સતી કોપ નહિ કરો,
જરી હવે પ્રભુના ભયથી ડરો.
કંઈક તો મનમાં મૃદુતા ધરો,
અધમ દાસપરે કરૂણા કરો;

પતિ અવધ્યજ છે, જગમાં ખરે !
સતી છતાં પતિનો વધતું કરે ?
અરર ! મેં તુજ હસ્ત ધર્યા થકી,
શું શું ગુમાવ્યું નથી ? મુજનું નકી;
તન તથા ધન સર્વ ગુમાવીયું,
મન તથા સુખ સર્વ ગુમાવીયું.
જીવન નાહક વ્યર્થ ગુમાવીયું,
ભવ બધા તણું સત્વ ગુમાવીયું;
મતિ તથા ગતિ સર્વ ગુમાવી છે,
રસિક કુમળી દેહ ગુમાવી છે ! ! !
વિકટ કાનનમાં મહિલા તણી,
ખીણું વિષે રમતા પુરૂષો તણી;
હૃદય દાહક દુષ્ટ દશા થશે,
જરૂર નાગણી ડંખ દઇ જશે.
અખિલ વિશ્વ વિષે જન કોઇ જો,
અકરૂણાંકિત શત્રુજ હોય તો,
ક્રૂર ખૂની બની શું ક્રૂરતા કરે ?
કઇ કઇ કરપીણ કૃતિ ધરે ?
દુઃખદ મારણ મંત્ર મૂકી કરી,
અગર વિષ પ્રયોગ રચ્યા કરી;
અગર ખૂન કરી જીવ તે હરે,
અગર અગ્નિ મૂકી સઘળું હરે.

પણ બધા રિપુ કુળ તણી અરે !
શિર મુકૂટ મણિ રૂપ તું ખરે !
સતી છતાં અનિવાર્ય પિડા ભરી,
પતિ તણી અનિવાર્ય દશા કરી.
વિષ પરોક્ષ રીતે સતી તેં ભર્યું,
હ્રદયમાં વ્રણ તીવ્ર અરે ! કર્યું;
હ્રદય કંટક શૂળ થકી ભર્યું,
ઉદર અગ્નિ થકી મુજનું ભર્યું.
વિષ વિકાર રગેરગમાં ફરી,
વ્રણ પિડા પણ ગાત્ર બધાં ધરી;
પ્રતિ ક્ષણે ભયભીત દશા કરે !
શ્વસન ચક્ર ગતિ અવળી ધરે ! ! !
નિધન નાથ અરે ! જગમાં ખરે ! !
કુસુમથી કુલ જીવન તું હરે ! !
અગર કોમળ વસ્તુ વડે અરે ! !
મૃદુ વપુ સઘળાં હરી લે ખરે ! ! !
જલવડે જીવતી નલિની અરે !
હિમ વડેજ અચાનક તે મરે !
પ્રબળ ઈશ તણી કૃતિથી ખરે !
અતિ રૂપાન્તર થાય ભૂમી પરે !
વિષ તણું પણ પીયૂષ થાય છે,
અમીનું વિષ હુલાહુલ થાય છે;

પણ અરે હિનભાગ્ય બની ગયું !
અમીમટી વિષ આજ થઇ ગયું !!!
અચલ દુઃખ મૂકી સતી ! જાય ક્યાં ?
પતિ લીધા વિણુ કેમ જવાય ત્યાં ?
ગૃહ સમૃદ્ધિ તણાજ ચૂરા કર્યા,
રવડતાં રડતાં અમને કર્યાં,
શિર ધરી રડતાં તવ 'બાલુડાં,
શું શું વ્હેચ્છ ? તું તે સૂણુ કાલુડાં;
" જનયિત્રી જનનિ ! મુજ માવડી !
ચતૂર માલણુ ગોરૂપ માવડી !
તવ રૂધિર ચૂશી ઉપજ્યાં અમે,
શરીર સત્વજ આપ્યું હતું તમે;
પણ હજુ સુધી પાંખ પુટી નથી,
સરસ્વતિ તણી બેડી છુટી નથી !
શિશુપણા તણી બુદ્ધિ ગઇ નથી !
ચિરસ્થિતા મતિ પ્રાપ્ત થઇ નથી !
સતી મેધાવિની માત બીજી નથી !
તુજ સમી જગમાં જનની નથી !
અરર ! રાંધીજ કોણ ખવાડશે ?
બચિ કહી બીજું કોણ જમાડશે ?
અરર ! 'નાનુ' ને કોણ રમાડશે ?
અરર ! 'મા' વિણુ કોણ ધવાડશે ?

દુઃખ અથાગ થશે અમને અરે !
નથીજ ઓથ હવે ઘરમાં ખરે !
જનમતાં વિષ તેં નવ આપીઉં ! !
નખ મૂકી ગળું કેમ ન દાબીઉં ! ! ! ૧૦૮
મૃદુપિતા રસ મગ્ન રસિકડા,
કવિ હુતા, ખૂબ પ્રેમી ગરીબડા;
દુઃખિત તાત તણી સતી ક્યાં જશે !
પિતુતણી વિકળિત દશા થશે ! ” ૧૧૨
અરર ! હાય ! અચાનક કોપથી,
બળી મુવાં પતિ બાળક શોકથી;
અયિ ! પ્રજાન્તકરાય ! દયા કરો,
સતીતણે બદલે પતિને ધરો ! ! ! ૧૧૬
સતી પતિ બહુ દિવસ સંગમાં,
સતત સાથ વસ્યાં બહુ રંગમાં;
સતત વાત વિનોદ કર્યાં જતાં,
સ્થળ અનેક વિષે વસતાં હુતાં. ૧૨૦
અરર ! તેજ પ્રિયાવીણ દીન હું !
જીવીશ શી રીતથી જગમાંજ હું !
નહિ ફરીશ કદી રંગમાં અરે !
નહિ કરૂં પ્રિયજીવન હું ખરે !!! ૧૨૪
જીવિતમાં કંઇ સાર હવે નથી !
સતત વેઠ વિના કશુંએ નથી !
જીવન કંટક રૂપ ગણાય છે !!
હૃદય દાહથકીજ હણાય છે !!! ૧૨૮

સર્ગ—આઠમો.

વિષય—અંતકાળની ગોષ્ટી.

સંવત ૧૯૬૭ના ફાગણ વદ રંગ પંચમીને સોમવાર તા. ૨૦–૩–૧૯૧૧ મુકામ સાંકી તાલુકા પલસાણા સમય–ભંયકર રાત્રએ મરણાન્ત અગાઉ પતિવ્રતાના પલંગ ઉપર પાસે બેસીને સ્નેહાળ પતિની ગોષ્ટી.

હરિગિત છંદની ચાલ.

હું અનાથ હૃદય તણા અરે ! ઘોંટાળા બહુ છે વાલમા,
ને ગુપ્ત ગુંચવારા હૃદયના કોની આગળ ઠાલવા ?
અરધી ગઈ, અરધી રહી આ ! યુવક વય તુજ સ્વામીની,
ત્રણ ફાંસી મુજને સોંપીને સ્વર્ગે જશે તુ ભામિની ? ૪
કયી ફાંસીએ લટકી પડું ? હું કયાં રહી સ્થિરતા કરૂં ?
તે માર્ગ તું બતલાવ સતી હું કયાં સુધી ધીરતા ધરૂં ?
નથી બોલતી, નથી ડોલતી માટે હવે વિશ્વંભરા !
હે ! પરમપાવન જગ્ત જનની માર્ગ દે તું વસુંધરા !!! ૮
કોમળ હૃદય કપટી પડી રક્ષણ કરે કોઇ વ્હાલથી,
એવી નથી કોઇ કામ દુગ્ધા સેવા કરે જે કાલથી;
વેરણ વિધાત્રિએ કુસુમ કપાળે લેખ શું લખીયા હશે ?
મૃગજળ સમા આ ! ભવરણે ભીડ ભાંગનારૂં નહિ થશે ? ૧૨
બેઠાં ન આપણ સાથ સારી વાત તેં મેં નવ કરી !
સોંપણ નોંધાણની હૃદય યાદી વ્હાલી તેં મેં નવ કરી;

ગુંગળાયલાં ગુંચવાયલાં હૃદયે પતિ પુણિ ગયો,
પાછો ફરિને આવતાં પગ મૂકતાં હોળો થયો. ૧૬
અકરૂણુ અન્તકરાય દૃષ્ટિએ અમર ફળ ક્યાંથી ચડ્યું ?
નિર્મળ સુકોમળ કમળ મારૂં વમળમાં ક્યાંથી પડ્યું ?
પડદા હૃદયના આપણા વિયોગથી ખોલ્યા નહિ !!
પ્રેમી હૃદયના ભેદપણુ બીલકુલ અરે ! ભાંગ્યા નહિ !!! ૨૦
કૌસ્તુભ મણિ કર્મે મળ્યો, તેં વાપરી જાણ્યો નહિ !
પારસ મણિમયી મૂર્ત્તિની મેં છબી પણ લીધી નહિ !
ગુણીયલ તણા ગુણ પુષ્પનો ગજરો ગુંથી રાખ્યો નથી !
ઉપકાર શ્રેણી પ્રમાણ તારૂં યાદ પણ રાખ્યું નથી !!! ૨૪
સ્વામીને પગલે ચાલવા, સ્વામીનું સંકટ ટાળવા,
સેવા કરવા સ્વામીનીને ધર્મ સતીનો પાળવા;
મ્હોકાણવાડીના માંડવે ભર પ્લેગમાં પોતે રહી,
પૂર્ણ પતિવ્રત પાળતાં તને અચાનક પ્લેગે ગ્રહી. ૨૮
હું ખાશ કારણે આજ્ઞા લઇ હોળી ઉપર પુણિ ગયો,
તે અંત સમયે પાંચ દિનનો વિયોગ તારાથી થયો;
હોળી વીતાં હૈયું સળગ્યું ઉદરમાં હોળો થયો ! !
સિદ્ધાર્થનું બીજ નષ્ટ થાતાં હૃદયનો રોળો ગયો ! ! ! ૩૨
વસંત વિલાસી યુવકની રંગ પંચમી આજે થઇ !
ગુલાબ કિંશુક રંગતણી રંગ રેલી તારી ક્યાં ગઇ !
આજેજ તું મુજ રૂધિરની પિચકારી અમને મારતાં,
શરમાતી નથી મહિલા જરીઆ ! મેસ કાળી નાંખતાં. ૩૬

શિખરિણી છંદ.

અહો ! વ્હાલી તારા, ગુણુનીતિ રીતિ આ ! ઉર વસી,
કુરંગાક્ષી તારી, મનહર છબી આ ! ઉર ઠસી;

સદા સ્વામીને તું, નવલ સુખ દેતી અધિક જે,
મહિમા તારો તે, પરિચય વિના કોણ સમજે !

ગયા તે દા'ડાને, વગર ભયનાં વર્તન ગયાં,
ગયી મીઠી મોજો, તનમન સુખ સાધન ગયાં;
ગયી મારી વૃત્તિ, અનવધિ રૂદેમાં દુઃખ થયું,
ગયા વ્હાલા લ્હાવા, મૃદુ ઉર ગયું—શું નવ ગયું ?

સુખે ચાલ્યા, જાતા દિવસ દુઃખમાં તે ગત થશે,
અખે યાદી તારી, મમ હૃદયમાંથી નવ જશે;
યથાર્થી કૃતાર્થી, પ્રીતિ ગુણવતી હે ! પતિવ્રતા !
સતી તારા ગુણો, ચિરપરિચિતો જે બહુ હતા

અહો ! તે ગુણોને, અપરિમિત ભાવો સહુ મળી,
દળી નાંખ્યું હૈયું, ઉદર વલોવી દેહુજ ગળી;
પતિતોનાં ચિ-તે, પરિચય વિના કૌતુક થશે,
ભલે થાશે તેવું, પણ મમ હૃદેથી નવ જશે.

ભલે તું સ્ત્રી જાતી, પણ તવ ગુણોને પાય લાગું,
મહા શ્રદ્ધાથી હું, પતિવટ ગુમાવી માફ માગું;
સતી! મારા દોષો, શુદ્ધ હૃદયથી માફ કરજે,
નિરાશે રો'નારા, પ્રિયતમતણો હસ્ત ધરજે.

પ્રિયા વ્હાલી સાથી, મમ જીગરની વા'ર કરજે,
હવેના જન્મોમાં, ગરિબ તણી સંભાળ કરજે;

અરે ! વ્હાલી ! વ્હાલી ! ભવરણ વિષે હું ભટકતો,
કહે ક્યારે તારી, સમિપ લઇ લેશે રખડતો ! ! ! ! ૬૦

મંદાક્રાંતા છંદ.

વ્હાલી ! મારો વખત વચને, આ ! જમાનો વિચિત્ર,
દુઃખાબ્ધિનું વગર હદનું, દુષ્ટ દુઃખોનું ચિત્ર;
વિચારીને સતત દુઃખનું, સ્થાન આ ! વિશ્વભાળી,
શોધું છું હું સતત સુખનો, માર્ગ આ દેહ ગાળી. ૬૪
શોકાગ્નિએ હૃદય બળીને, દેહ ગાત્રો ગળે છે,
વ્હાલી ! તારાં નિધન દુઃખથી, ચિત્ત મારૂં ચળે છે;
રે ! રે ! વિધિ ! અકરૂણ થઇ, તારૂણી વૃક્ષ ભેદ્યું,
વિના વાંકે ગરિબ ઘરનું, જીવિકા સૂત્ર છેદ્યું. ૬૮



સર્ગ—નવમો.

વિષય—પતિ વિલાપ.

મુકામ સાંકી તા. પલસાણા. વિલાપ વિભાગ.
સંવત ૧૯૬૭ના ફાગણ વદ રંગપંચમીને સોમવારની ભયંકર પ્રલય રાત્રિ—મધ્ય રાત્રે બાર વાગે. તા૦ ૨૦—૩—૧૯૧૧.

ગીતિવૃત્ત.

જલ સરોવર ઉભરાતાં, તુરત જલને યોગ્ય માર્ગ દેવો;
નીંકર કિનારો તોડી, તડાંગ આખું ભગ્ન થાય તેવો. ૨
શોક થકી ઉભરાતાં, હૃદય તણો પણ હાલ તેમ થાયે;
કુકૂલાગ્નિની પેઠે, શોકાગ્નિથી હૃદય બળ્યું જાયે. ૪
બળી બળી કીટો થઇને, ઉદર બલોવી દેહગાત્ર હોડે;
સર્વાંગો ભેદીને, અમૂલ્ય આત્મા દેહગૃહ છોડે. ૬
માટે મારા મિત્રો! શોકાગ્નિને શાંત હવે કરવા;
વિલાપ વાત વધારી, હૃદય ઉભરા ખાલી અરે! કરવા. ૮
સવા વરસનો 'નાનુ' કે, જેનું મુખ અલૌકિક પ્રભા ધારી;
ગોકુળ કનૈયા જેવું, પ્રતિક્ષણે જે રમણિકતા ધારી. ૧૦
મોરલીધરની પેઠે, થન થન નાચી કલબારો કરતું;
સ્તનપાન કરી ખૂબ હસતું, મુખડું જેનું હતું હર્ષે ઝરતું. ૧૨

તે મનમોહન આજે, ઝોળી દોરી મુખમાં ધરી રડતો;
'બા, બા,' કરી બહુ રડતો, ફાટી નજરથી ઉથલી અરે! પડતો. ૧૪
જસોદાને તે શોધે, ઘરના ખૂણા તમામ ગોતાવે;
રંક પિતા તે દેખી, કપાલ ફૂટી પુત્રને થોભાવે. ૧૬
તદ્દશ રૂપગુણ ધારી, 'મનુભાઈ' જે પુત્ર બટુક જેવો;
વય નવ વરસની જેની, હતી તે હસતાં બુલબુલ ખગ જેવો. ૧૮
કુસુમગંગા પુત્રી, ભક્તિ વેશે અનુપમ ગુણ ધારી;
બાર વરસની વય છે, વળી તે પુત્રી માતૃપ્રભા ધારી. ૨૦
પુત્રીકૃત જે કેશર, ઈન્દુમતિના ઉપનામે મારી;
આંકડ સાસુની વિધવા, પુત્રી તારા ગુણ બહુ છે ભારી. ૨૨
'બા મારશી' ને માટે, કેશર તેં તો અમુલ્ય દેહ ગાળી;
અવસાનકાળે પણ તું, કપાળ ફૂટી સાથે સૂતી ભાળી. ૨૪
નિર્દોષને નિરાધારી, એ ચારે જણ પાપી પિતા પાસે;
હૈયાંફાટાં રડતાં, પોકાર જેના પ્રસર્યા ચોપાસે. ૨૬
'ડાયુ, ગોપાળ' ઉરફે, વસંત નટવર નામ હતાં જેનાં;
  ૧૪ ૧૬
રત્ન શૃંગાર વરસની, ઉમ્મર માંહીં આ! શું હાલ તેના. ૨૮
બ્રહ્મચારી વ્રત ધારી, અર્ધ મજલનો વિદ્યાયજ્ઞ બાકી;
છે, તે હું હિણભાગી, શી રીતે સૌ પૂર્ણ કરીશ બાકી. ૩૦
આશ્રમ ધર્મ ધૂરંધર, મેધાવિની પત્ની હતી મારી;
સંતાન કબજે રાખી, ષડ રિપુથી બચાવ કરે ભારી. ૩૨
ગૃહકિલ્લો સંભાળી, બાહોશ જેહ્વરતાણું કાર્ય કરતી;
તે સ્વર્ગે સિધાવી, શાંતિ નીતિનું સામ્રાજ્ય કરતી. ૩૪

કહો હવે મુજ ઘરમાં, જેહર તરીકે ચોકી કોણુ ભરશે ?
દરવાજા સંભાળી, કિલ્લેદારનું કાર્ય કોણુ કરશે ? ૩૬
ઉદર નિમિત્તને માટે, એ ત્રણુ ધંધા સદૈવ જે કરતો;
તે હિણુભાગી આજે, ગૃહિણી કાર્યનું સૂત્ર હસ્ત ધરતો !!! ૩૮
કહો ક્યાં સુધી ઘરમાં, બેસી રહું ? પણુ પેટ કોણુ ભરશે ?
ભુખ્યા સિંહના મુખમાં, સુતાં સુતાં શિકાર નહિ ભળશે. ૪૦
જીવન ઝરણી જેની, પત્ની જીવનમાં અર્પેલી જેણે;
એવા દીનમુખ પતિએ, પત્ની પાછળ શું કરવું તેણે. ૪૨
મૂષક ન્યાય વિચારી, કીટ પતંગનો ન્યાય રૂદે ધરશે;
તો જીવ જરૂર ઉગરશે, નીંકર જીવડો ઝૂરી ઝૂરી મરશે. ૪૪
ધીર વીરે વદવાની, વાક્ષરિતાનો ધર્મ લોપ કરતી;
મનોવ્યથાની ભરતી, ભરપૂર વેગે પૂર્ણપાત્ર ભરતી. ૪૬
તેમાં વળી સન્મૂખથી, દુસ્તર વસ્તુ સ્થિતિ રેલ ચઢતી;
સભરપાત્ર વલોવી, નદહૃદિ તટને ભગ્ન ખરે ! કરતી. ૪૮
અધવચ આવી ડૂબ્યો, દુષ્ટ વિધિએ ઘોર કે'ર કીધો;
નાહક પુષ્પ કચૂંબી, રસિક પુષ્પનો નાશ અરે ! કીધો. ૫૦

પતિવ્રતા સતીના શબ પાસે સ્નેહાળ પતિનો કરુણાજનક વિલાપ.

હરિગિત છંદની ચાલ.

કીંમતી પલંગપર ગાદી તકીએ સૂવા લાયક જે હતી;
તે પહાડ સરખી આ ! પૃથ્વી સૂતી છેહ દઇને તું સતી !

વિહ્વળ બનેલા સ્વામીને જોતી નથી તું વલ્લભા !
ઉત્તર જરી દેતી નથી, દુઃખી દાસને તું દુર્લભા ! ૫૪
તે વ્હાલી વિનાનો અનાથ હું હવે કેટલું રૂદન કરૂં ?
ને શી રીતે હું શ્વાસ લઉં ? કે, શી રીતે ધીરજ ધરૂં ?
મમાર્થે હે ! પતિવ્રતા ! તું પ્લેગમાં પટકાઇરે ! ! !
બળ્યું જીવ્યું હું પાપીનું, મને સહુઆધા ધિઃકકારરે ! ! ! ૫૮
તારાં સ્તન મંડળ મધ્યે થઈ મારી અશ્રુ સરિતા ચાલતી !
સૂકાં ઉદર સરોવર મધ્ય માર્ગે નીક માફક વહી જતી !
તે નાભિકુંડ ભરી દઇ તવ કટિ પ્રદેશે પ્રસરતી !
છતાં પતિવ્રતા નથી જાગતી કે નથી જરી તું ચમકતી ! ! ! ૬૨
વાહ ! વાહ ! અરે ! આ ! શું કરે ? નહિ દાસપર તું દયા ધરે ?
તારા પ્રેમ આગળ જીગર પટકી સ્વામી તારો કરગરે !
ધડધડ પડતા અશ્રુ નેવે ભૂમિ આ ! ભીંજી ગઇ ! !
છતાં સતી તું જોતી નથી ! અકરૂણ નમે'રી કેમ થઈ ! ! ! ૬૬
નિર્દોષનું આક્રંદસૂણીઆ ! પૃથ્વી પણ ધ્રૂજી ઉઠી ! ! !
પેલી ! ગ્રામ્ય મર્યાદા ધરેલી વિશાળ વાડ રડી ઉઠી ! ! !
કાંટા રડયા ખૂબ વાડના કકલાણુ કરી હેઠે પડયા !
ગૃહ મોભ કાષ્ટને નળીઆં સહુ યા ! હામ કરી નીચે પડયાં ! ૭૦
અર્ધ રાત્રિએ ઉંઘતાં વાગોળતાં પશુઓ અરે !
આ ! પતિતનો પોકાર સૂણી ચમકી ઉભાં થયાં તે ખરે !
વાગોળ ગોળો વમટોળેલો પૃથ્વીપર ફેંકી ઉભાં !
પશુવાણીએ પોકાર કરી મો'રી તોડી આવી ઉભાં ! ૭૪

અલમસ્ત બની ઉંચા વધેલાં મગરૂરીમાં મા'લતાં,
પેલાં ! આમ્ર વૃક્ષો અંગ પછાડી અશ્રુપત્રો ખેરતાં;
આ વસંત વિહારી પવન પણ શોકે છવાયી જડ થયો !
છતાં પ્રિયાંગના જોતી નથી, રે ! પ્રેમતારો કયાં ગયો ? ૭૮

મારો હૃદય ધ્વનિ એકતાર થઈ બ્રહ્મરંધ્રમાં ચાલ્યો ગયો,
બ્રહ્મનાદ સાથે લીન થઇ એક શાંત દિવ્ય ધ્વનિ થયો;
તેથીજ જાણે અચલ વ્યકિતઓ ચલિત થઇ ધ્રૂજી રહી,
ને ચલિત વ્યક્તિઓ શાંત થઇને અચલતા તેણે ગ્રહી. ૮૨

આવી રીતે આ ! સૃષ્ટિ વ્યક્તિઓ પ્રકૃતિ ગુણ પડતા મૂકી,
હું નિર્ભાગીનું દુઃખ જોઇ હઠ માર્ગ સૌ છોડી ચૂકી;
છતાં પતિવ્રતાનું હૃદયાર્દ્ર હતી તે વજ્ર જેવી કેમ થઇ ?
આ ! યુવકને તું કાળી કામળ ઓઢાડીને કયાં ગઈ ? ૮૬

માંરૂં હૃદય શું લોહ બન્ધનથી અરે ! બંધાયલું !
છે ? કે વળી દુસ્તર પત્તર વજ્રનું નિર્માયલું ?
કે, જે, તુટી તારાજ થયા છતાં પ્રાણ ટકાવીને રહ્યું !!!
ને સહસ્રધા કટકા થયા છતાં શ્વાસ રાખીને રહ્યું !!! ૯૦

આ ! બળી સર્વે જગ્તભૂમિ વે'રાન સરખી ભાસતી,
સુંદરી સ્વર્ગે જવાથી, હૈયે હોળી લાગતી ! !
હૈયાંની હોળી મરતાં સુધી જરી પણ ઘટશે નહિ !
છેલ્લો નિકળતો શ્વાસ સુધી ઝૂરાયો મટશે નહિ ! ! ! ૯૪

આ ! પુષ્પરાશિ પગ તળે છૂંદી ભઠ્ઠીમાં નાંખી ગઇ !
આ ! અર્ધકાયા કાપીને અપંગ મુજને કરી ગઇ ! ! !
વિશ્વાસઘાત કરી વનિતા ! સ્વામીને છોડી જઈ,
સ્વર્ગ માર્ગે સંચરી, ઇન્દ્રાણી થવા કેમ તું ગઇ ? ૯૮

પણ એમ સ્વર્ગ મળે નહિ, તું ભ્રમણામાં ભૂલી ગઇ !
એક કિરાત ગીધની દૃષ્ટિએ પડતાં અરે ! સ્વર્ગે ગઇ !
અક્ષય સુખ પણ સ્વર્ગવાસીને કદી પણ મળતું નથી,
સંચેલા કર્મ સમાપ્ત થતાં કોઇ ઘડી પણ ટકતું નથી. ૧૦૨

\+ + + + + + +

હે ! શાણી સતી તેં આ ! વાત કોઇ દિન સ્વપ્નામાં જાણી નથી,
તેમ સ્વામી તારાએ તને બીલકુલ સંભળાવી નથી;
કે, સ્વપ્રાણાધીક કલ્પે છે, જે સ્વ વનિતાને સ્નેહથી,
ને ગરજીની મરજી મૂજબ જે લાડ લડાવે પ્રેમથી. ૧૦૬
શૃંગાર દિક્ષાનો ગુરૂ, જગ પ્રસિદ્ધ વૈભવમાં પૂરો,
વિદ્વાન, કુલીન શાસ્ત્ર પરિચિતને વળી શૌર્યે શૂરો;
યુવાન ને ગુણવાન કોમળ કાંતિ સૌંદર્યે વર્યો,
શીલવાન સંયમી ઉદાર ને નીતિ તેજ ગામ્ભીર્યે ભર્યો ૧૧૦
દામ્પત્ય યજ્ઞતણું અનુષ્ઠાન શાંતિથી કરવા છતાં,
સારસ સમા સ્નેહાલને જેનાં ધાવતાં બાળક હતાં;
એવા અરે ! નિર્દોષને જંજાળી પતિનું કોઈ સતી,
અધૂંમરે ઘર ભાંગીને સંસાર છિન્ન ભિન્ન કરી જતી. ૧૧૪
તે અકારણને અકાળ મૃત્યુને વશ થઇ છૂટી પડે,
સંતાનને પ્રેમાન્ધપતિ રઝળો મૂકી સ્વર્ગે ચડે;
તે હોય ભલે કોઈ પતિવ્રતાતે સતીત્વનું પદ મેળવે,
છતાં સ્વર્ગે તે જાતી નથી, પણ બાણ શય્યા મેળવે !!! ૧૧૮

* * * * * * *

કોઇ શ્રીમંત કે ધીમંતની ગૃહિણી બની ઘર માંડશે,
પણ સારસી તું મારી પેઠે યુવક વયમાં રાંડશે;
આ પ્રમાણે ઉભય દમ્પતી કર્મનું ફળ ભોગવે,
વાસના બીજ નષ્ટ થયા વિણ ઉત્તમોન્નતિ ન ભોગવે. ૧૨૨

\+ + + + + + +

ગતિનાને આકર્ષણતણા માર્મિક નિયમો મનધરી,
તત્ત્વવેત્તા ન્યૂટને પણ સાક્ષી પુરી છે ખરી;
મદારીની કરપલ્લવીએ સૂત્ર સંબંધિત પૂતળાં,
નાચ્યા કરે, તેમ કર્મ બન્ધિત આ! મનુજો પૂતળાં. ૧૨૬
રેંટચક્ર પરિઘ ઉપર અતિ ચકરડી મારતાં,
ઘટ્ટમાળ જેવાં વર્મ કૂડિયાં કર્મનું ફળ ચાખતાં;
પણ જો કદાપિ ગજેન્દ્ર મનપર જ્ઞાન અંકુશ રાખશે,
તો કર્મ ઘટ્ટ રજ્જુ વિહારી જલાત્મા શાંતિ પામશે. ૧૩૦

અરે! અરે! સૃષ્ટિ સાયાંત્રિક મૂઢ ચક્રધર! તું પણ સાંભળ.

હરિગિત છંદની રાહ.

અમે વસુમતીમાં કલ્પ વૃક્ષની છાયામાં સૂતાં હતાં,
આનંદ-સુખામૃત પાન કરી રંગ મ્હેલમાં રે'તાં હતાં;
તેને દુષ્ટ વિધિએ ચાંચવાના પ્રબળ પ્રહારે ખોદીયાં,
આવી અચાનક ખોદી કાઢી વપુ અમારાં ભેદીયાં. ૧૩૪

પાપીષ્ટ કુલાલે વળતી અમને લાત પ્રહારે છૂંદીયાં,
બહુ છૂંદી પોંદી નરમ કરીને હૃદય અમારાં ગુંદીયાં;
રૂધિરાસ્થિનો ગારો કરી, ચક્રે ચડાવ્યાં આજરે!
આ! દણ્ડૂકે અમને ઉડાવ્યાં, હાય હવે શું થાય છે!!! ૧૩૮
ખરે! ખર ઉપર બેસાડીને ઘર બ્હાર કાઢયાં હાયરે!!
પછી ચક્રધરે જીવતાં સુધીની ભઠ્ઠીમાં હોમ્યાં અરે!!
હવે ભવિષ્યમાં સૌ ગ્રામ્ય પુરંધ્રીઓ તાલ જોવા આવશે.
તે સિંહણ પતિ સંતાનને કટુ તિકત ટકોરા મારશે! ૧૪૨
આ! હિરકનો પત્થર બનાવી વસ્ત્ર ધોતો તેં કર્યો,
સુખમાં સૂતેલા સિંહને સૂકું ઘાસ ખાતો તેં કર્યો;
મૂછે તાલ ભરતા શેઠને, આ! વેઠ તેં આપી સહી,
પણ સિંહણ સૂતને સુખડ નર કહી પ્રકૃતિ ગુણ તજશે નહિ. ૧૪૬
ચંદ્રે લાંચ્છતા કરી, હિમાદ્રિ ઉપર હિમ ભર્યું?
વિદ્વાન-ગૃહ-દારિદ્રતા ભરી, નિધિજળ ખારૂં કર્યું?
ચંદન પાદપ વિષધરે, અમ્ભોરૂહો કાંટે ભર્યાં?
રત્ન-રમણી-રમણને તેં અકાળ મૃત્યુથી હર્યાં? ૧૫૦
વિદ્વાન કવિનાં કરમમાં, વૈધુર્ય શા માટે ભર્યું?
રસિક રમણીનાં ભાગ્યમાં, વૈધવ્ય શા માટે ધર્યું?
કસ્તૂર મૃગની નાભિમાં કસ્તૂરિ શા માટે ભરી?
દુર્જન જીવ્હા મૂળમાં શા માટે તેં તે નવ કરી? ૧૫૪
વિદુષી સતીને મૂઢ પતિનો પ્રસંગ ચિરાયુ તેં કર્યો?
રત્ન-રસિકા-રસિકનો સંયોગ અલ્પાયુ કર્યો?

નિર્દોષ રત્ન વિહારવાની મૂખતા વિધિ તેં કરી,
વિદ્વાનથી વગોણું ચઢીને કીર્તિ તારી રદ કરી. ૧૫૮

* * * * * * *

પ્રાચીન સમયથી પ્રસિદ્ધ થયેલા જ્ઞાન પારાંગત અરે !
ત્રિકાળ જ્ઞાની પૂર્વજો ઋષિ પિતા મનુ ભગવાનરે !
પ્રજ્ઞા તાંત્રિક થઇ તમે સંસારી નિયમો જે ઘડયા,
તે હસ્તમાં રાખ્યા છતાં, ફળહીન થઇ મુજને નડયા. ૧૬૨
ચિન્તામણિ જેવી રત્ન રમણી, પતિવ્રતા પોતે હતી,
કોમળને કાંચન વરણી, ક્ષમામાં પૃથ્વી પ્રમાણે તે હતી;
માતા, પિતા, ગુરૂ, પત્ની, મિત્રની ફરજ સરવે સારતી,
સતી શીયળ સજીને ફરજ બજાવી કુળ એકોતેર તારતી ૧૬૬
પ્રિયતમતણી તું જીવનદોરી, ધર્મ પત્ની ગણુ ચલી,
દારૂણ દૈવના વજ્ર કોપે પ્રિયતમા તે હણાચલી;
મારી કુંહાડો નાથને વ્હાલી હવે તું કયાં વસે ?
પ્રેમના પ્યાલા વિષે શું વિષ કે અમૃત હશે ? ૧૭૦
તું ચોરી મારૂં ચિત્ત ચતુરા ચતુર કયાં ચાલી ગઇ ?
રે ! પ્યારી પ્યાર વિસારી શું વિચારી તું નાશી ગઇ ?
તું ચપળ ચપળા મારી સાથે વર્ષ બાર સુધી રહી,
ચટકી લગાડી પ્રેમની તે ચટક ચિત્ત લાગી રહી. ૧૭૪
ચિત્ત ચોરટીરે ! ચંદ્રવદની રમ્ય સુંદર આંખડી,
પ્રગલ્ભા વયમાં છતાં મધુ ભાષિણી તું રાંકડી !

હૃદયેશ્વરી પ્રિયા ! નાથને તું અજબ જાદુ કરી ગઈ !
બુટ્ટી સુંઘાડી પ્રેમની ને, છેહ મુજને દઈ ગઈ ! ૧૭૮
સંસાર સાગર સ્હેલમાં સાથે લીધો મને ભામિની !
ગઈ મારી ડૂબકી અણુછતી તું કંઇને શા ! કામની ?
માટેજ આ ! તવ સ્વામી અશ્રુપાત કરીને વલવલે !
દઇ ભૂજ લલાટે વિલાપ કરીને ભાન ભૂલી ટળવળે ! ૧૮૨
મૃગ લોચની સુખ ભોગવી તું દાહ મુજને દઇ ગઇ !
આવીશ હું તુજ પાછળે, ભલે તાલી દઈ આગળ થઇ !!
જ્યાં ત્યાં જઇ તુજ પંથ જોતાં આંખ આ ! ફાટી ગઇ !
ના, ના, હવે શી આશરે ! સંસાર સાગર પાર ગઇ !!! ૧૮૬

\+ + + + + + +

દરરોજ આખી રાત્રિમાં તારુંજ સ્વપ્ન થયા કરે !
પ્રતિમા રૂપે તું પ્રેમદા મારા મગજમાં ફેરા ફરે !
આ ! કર્ણે પણુ ભણકારા તારા પ્રતિક્ષણે સંભળાય છે !!
બધી વસ્તુમાં તું પ્રતિક્ષણે મારી નજરે તું દેખાય છે !!! ૧૯૦
તુજ વાસ મારા હૃદયમાં સ્ફુરી રહ્યો તેમાં ભમું !
અસંખ્ય રૂપે અવલોકું પણ શી રીતે તુજમાં સમું ??
તું એક દેહી અનેકમાં ભિન્ન ભિન્ન થઇ ભાસી ભલી !
અવલોકા રૂપ હું અસંખ્ય પણ મુજ હૃદયમાં તું એકલી!!! ૧૯૪

सर्ग दसमो.

વિષયઃ—અદૃશ્ય યમરાજા આગળ પત્ની સ્નેહની સં-ભારણા તથા વિધાતાની પરોક્ષવાણી—આકાશવાણી.

હરિગિત છંદની ચાલ.

શું આપવું ! શું ન આપવું ! તે વાત કંઇ સુઝતી નથી,
શું કરવું ! કે શું ધરવું, તેનો માર્ગ પણ દીસતો નથી.
મર્મચ્છેદીય ગાઢોદ્વેગ આ ! સર્વાંગે વ્યાપી રહ્યો,
કૂકુલાગ્નિ પેઠે હૃદય દહતો પ્રલય અગ્નિમેં સહ્યો. ૪
જે વિકટ વને પણ સાથ રહી કલ્યાણ મુજ કરતી હતી,
અવસાન સમયે અંતસુધી નામ મુજ જપતી હતી;
પ્રભુ સમાન ગણી પતીને પ્રેમથી પૂજતી હતી,
ને પ્રાણ કરતાં અધિક ગણી જે સર્વ સુખ દેતી હતી. ૮
પતિ જમ્યાવીણ જમતી નહિને ઊંઘ્યાવીણ ઊંઘતી નહિ,
પગલાંમાં પગલું મૂકતી જરી હઠ કદી કરતી નહિ;
લવલેશ મુજને દુઃખિત જોઇને હૃદયમાં દુઃખી થતી,
મમ ક્રોધમાં પ્રિયવાદિની બની દીનવદના જે થતી. ૧૨
મુજહૃદયની પુરેપુરી અનુભવીઅણુ વ્હાલી હતી,
ને સર્વ કાર્યમાં સહાયિની વિશ્વાસપાત્રજ તે હતી;
તેના અરે ! મરણાન્ત વિયોગે હૃદય શૂન્ય બની ગયું,
ને વસ્તી વાડી ગૃહ વગેરે આજ શૂન્ય બની ગયું. ૧૬

માટેજ જેનું ઘર અરે ! ગૃહિણી વિના ખાલી થયું,
તે અરણ્ય જેવું થઈ જઈ દાવાનળે સળગી ગયું;
મધુભાષણી ચિત્રાજી તે સ્વર્ગે ગઈ ઘરમાં નથી,
તેવાં જીવિતથી લાભ શું છે ? ને જીવનનું પ્રયોજન નથી. ૨૦
વળી હૃદય હ્હાને પેટ ચહોવી વેઠ પણ કરવી નથી,
કાળાં કલંક કપાળે ધરી બેવફાઈ બદી ભરવી નથી;
નષ્ટ આશા ભગ્ન ચિત્તે ઉદાસ થઈ ફરવું નથી,
જંજાળથી જુદો પડી ગૃહત્યાગ પણ કરવું નથી. ૨૪
મૃત્યુવડે સતી હરણ કરતા દુષ્ટ અન્તકરાયરે !
ભાઈ વિનવું તને હસ્ત જોડી જવાબ જરી તું આપરે !
કે, તુજવડે હું રંકનું શું શું નથીજ હરાયલું ?
અથવા અરે ! એમ બોલ તું કે જીવન પણ છે હરાયલું. ૨૮
વામાંગ જતાં રહ્યું જમણું અંગ તે હૃદય વિનાનું રાખવું,
કે વામ અંગ નવું વધારી વધૂ વિષ વળી ચાખવું;!
તે માર્ગ તું બતલાવ, મારા પ્રાણના ભૂખ્યા અરે, !
ઝટ વાંચ, મારા લલાટલેખો સર્વ વ્યાપક દેવરે ! ૩૨

આકાશવાણી-વિધાતાના પરોક્ષવાણી.

હરિગિત છંદની ચાલ

શાન્ત થા ! હે ! શાન્ત થા ! તું રંક પુત્રજ માહેરા,
આ ! વિગત મારી હૃદયધારી બાળ જોઈ લે લાહેરાં,

તુજ જીવન ઉપર 'નાનુ, મનુ' નું બ્રહ્મચર્ય રચાય છે;
તે જ્ઞાનદૃષ્ટિએ જોઇ લે, તું છેક ગોથાં ખાય છે.
જીવનદોરી તેં ગણી, એ સુજનતા તારીજ છે,
મન વાળીને તેં કષ્ટ વેઠી, વેઠ અધીક કરીજ છે:
તેં ફક્ત સતીના ગુણ ઉપર પ્રાણદાન કર્યું હતું,
ગૃહકાર્યથી સંતુષ્ઠ થઇ તેં અસીવ્રત પાળ્યું હતું.
નિર્વિકારી-વિષય-વિમુખો-પ્રેમ ગૃહરાજ્યે હતો;
છતાં શર્વરીનાં શાંત રાજ્યે વિરહતાપ તને થતો;
તે હૃદયને સંતપ્ત કરી મોહાન્ધ ચિત્તને બાળતો,
પણ ધ્યાન ધરી પ્રભુ નામનું તું ઘણી રાત્રિઓ ગાળતો.
વળી ભાનૂદયથી ચંદ્રવદનીનો ભાવ ચંદ્રપતિ તણે,
શિરછત્ર સેવાનું ધરે તે સર્વ દુ:ખ તારાં હણે;
આવી રીતે તવ હૃદયનું ઐચ્છિક સુખ કરમે નથી,
ને ભાગ્ય તારામાં મુઝાપો વેઠ વીણ બીજું નથી.
અનન્ય અલૌકિક હૃદય ગ્રંથીનો યોગ ઐકય રૂપે હતો,
સાદો સ્વાભાવિક પ્રેમ નિર્મળ અપાર તમારો બહુ હતો;
છતાં ઋણ સંબંધ પૂરો થતાં તે અચાનક સ્વર્ગે ગઇ!
હે! વત્સ! તારા કપાળમાં દુ:ખ તેથી ઘોર દશા થઇ!!
કોઇ ભાગ્યશાળીનાં ભવનમાં ખરી ભીડ તેની પડી હશે!
તેથીજ તારૂં નશીબ ફોડી પતિવ્રતા હવે ત્યાં જશે!
અથવા હવે કોઇ શ્રીમંતને ઘેર માતની તંગી પડી,
સંતાનવાડી ઉછેરવા શુભ કાર્યમાં ત્યાં જઇ ચડી.

કિસ્મત તણી કિતાબ આખી યાદમાં આણી જશે,
તો હૃદય ઐચ્છિક સુખ તેમાં જવલ્લેજ લખ્યું હશે;
દૃષ્ટિગમ્ય બાહ્ય સુખ જે શરીરનાં લેખાય છે,
તે સર્વ સુખ સતીએ દીધાં હતાં, તેજ તે લઇ જાય છે. ૬૦

તેં હૃદય બાળી દેહગાળી રૂધિરનું પાણી કર્યું.
ને દેહગાત્રનાં જીવન ચક્રોએ સ્થાનભેદ શરૂ કર્યું,
પણ કર્મના કિતાબ લેખો એમ કદી ઘટશે નહિ,
ભોગવ્યાવીણ ભાગ્યમેખો કદી પણ મટશે નહિ. ૬૪

મરતાં સુધી તુજ ભાગ્યમાં સંભાર દુઃખનો છે ભર્યો.
પુષ્પવેલી સ્પર્શથી વિષવેલી થઇ દુઃખી કર્યો;
પ્રારબ્ધની તુજરેખમાં રજમેખ પણ ઘટશે નહિ,
"અમે દેવગણ પણ કર્મ મેખે વિંધાયલા ભટકયા સહિ" !!! ૬૮

અંત.

લખ્યા લેખ રદ કરવા તણી મગદૂર કોની છે ?
તજી દે શોકને સંતાપ, સુખની ઢાલ બાતલ છે.
મનહર સતી મુખ આકૃતિનું નામ ભૂલી જા હવે,
સાહસ ન કર ! બસ હઠ ન કર ! માથે પડયું લઈ લે હવે. ૭૨

યોગ કે સન્યાસની અનુકુળતા બક્ષી નથી,
સંન્યસ્ત લેવા યોગ્ય મ્હારી વય, સમય, સ્થિતિ નથી;
પરિવાર પિડા ઠેઠ સુધી ભાગ્યમાં છે, લખાયલી;
ને અદ્યપર્યંત તુજ વડે છે ફક્ત વેઠ ચખાયલી. ૭૬

નિર્દોષને નાદાન આ ! સંતાનવાડી ઉછારતી,
ચતૂર માલણ માત તેની સોંપી ગઇ જે ઉધારતી.

માલણુ તણી સૌ ફરજ શું આળી તણે માથે પડી,
નિર્વાહ કરવું તેમનો આફત અજારીએ ચડી. ૮૦
સંસાર આશ્રમ ધર્મની ધૂસરી ધરીને ચાલવું,
રાખે ઢાંકયુ હૃદય રાખી શેષ આંસુષ ગાળવું;
કાવ્ય શાસ્ત્ર વિનોદમાં જુજ, શેષ જીવિત ગાળવું.
સંસાર યજ્ઞ પુરા કરીને મોક્ષમા ચિત્ત વાળવું. ૮૪

ઉપજાતી વૃત.

અસત્યમાં જીવ સુબુદ્ધ થાયે,
ને, સત્યમાં આત્મ કબુદ્ધ થાયે,
ત્યારેજ માયા તણો જન્મ થાશે,
માયા તણાં વ્યક્ત સ્વરૂપ થાશે. ૮૮

અસત્ય વસ્તુ નહિ સત્ય થાશે;
ઉપાધિ યોગે વણસીજ જાશે,
જે સત્ય વ્યક્તિ જગમાં જણાયે;
તેનો કબૂએ ન વિનાશ થાયે. ૯૨

અસત્યમાં ધ્રુવપણુ, ન દીસે,
છે, સત્યમાં ધ્રુવપણુ અતીશે;
ધ્રુવે સદા જો ! ધ્રુવતા ખરી છે,
જ્ઞાની થઇ અધ્રુવતા હરી છે. ૯૬
અસત્યમાં સત્યનો ભાવ કીધો,
તેથીજ તેં આ ! દુઃખપુંજ લીધો;

અસત્યમાં સત્યનું દાન દીધું,
તેથીજ તેં આ ભવ દુઃખ લીધું. ૧૦૦
અધ્રુવ વ્યક્તિ નહિ ધ્રુવ થાશે,
અસત્ય પ્રહારે પટકાઈ જાશે;
ધ્રુવે ધ્રુવનાથનો સંગ કીધો,
ત્યારેજ તેણે ભવલાભ લીધો. ૧૦૪



સર્ગ એકાદશ.

વિષય–પતિની હૃદય વિડમ્બના તથા સતીનું સ્વર્ગારોહણ.

દ્રુત વિલંબિત વૃત્ત.

ગૃહિણી ચંદ્રજ નષ્ટ થયો અરે !
દિનમણિ મુજ અસ્ત થયો ખરે !
વિધુ વિમુખી વિભાવરી હાયરે !
પતિતણુ હૃદિ ફોલીજ ખાયરે. ૪
હૃદયમાં પરિતાપજ થાય છે !
રૂદન અશ્રુથી યામિની જાય છે !
દિવસની હદમાં દુઃખ આપતો,
કિરણ ઉગ્ર વિભાવસુ ફેંકતો. ૮
ઉભય અગ્નિ–મયુખ–પ્રકોપથી,
બળી ગયું તન નાહક શોકથી;
હદ થઇ દુઃખની ન ખમાયરે !
કંઇ દયા કર, અંતક રાયરે ! ! ! ૧૨
નથી હવે કંઇ લાભ જીવિતમાં,
નથી હવે કંઇ આશાજ ચિત્તમાં;

નથી હુવે કંઇ શકિત શરીરમાં,
નથી હુવે કંઇ સારજ વિશ્વમાં. ૧૬
જીવન-પુષ્પ-પતિ પડતો મૂકી,
રખડતો કરી ધર્મ સતી ચૂકી;
સતી ખરેખર! સ્વર્ગ વિષે ગઇ !!!
પતિતણી વિપરિત દશા થઇ !!! ૨૦

વસંત તિલકા છંદ.

આત્મા અખંડ પ્રજલે તન તાપ માંહી,
ગાત્રો તમામ તુટતાં તન શકિત નાંહી;
સંસાર પૂર્ણ બળતો નજરે જણાયે !!!
નિશ્વાસ ઉષ્ણ લઇ શોક પ્રવાહ જાયે ૨૪
રૂચે નહિ ભવનકે વળી ગૃહવાડી,
રૂચે નહિ અખિલ વિશ્વની વસ્તુ વાડી;
રૂચે નહિ જીવન માર્ગ ટકાવવાનું,
રૂચે નહિ નવીન ખેલ ભજાવવાનું. ૧૮
એવી રીતે હૃદય શૂન્ય બની ગયું છે,
આશાનું બીજ ઘરમાંથી જતું રહ્યું છે;
તેથીજ વિશ્વ સઘળું શૂનકાર ભાસ્યું,
શોકાગ્નિ શાંત કરી ધૈર્યનું તાળું વાસ્યું. ૩૨
શોકાગ્રવૃત્તિ જરી શાન્ત કરી હું ભાખું!
સંતાન ખૂબ રડતાં જરી બંધ રાખું;

કલ્યાણ થાય મરનાર સતીતણું રે ! !
તે માટ હું હસ્ય અંજલિ આપું છું રે!!! ૩૬

સ્વર્ગારોહણ.

હરિગિત છંદ—પરમાત્માની પ્રાર્થના

જે સપ્ત સ્તમ્ભ રૂપેં રહી સર્વત્ર વ્યાપક જેહ છે,
અલક્ષ્ય રૂપે ત્રિધા શકિત સહિત વ્યાપ્યજ તેહ છે;
તેની પ્રાર્થના કરૂં અશ્રૂ ખરતાં સતી મુખ ચુમ્બન કરી,
સતી શબ સમિપે હસ્ત જોડી સ્વામી તેનો કરગરી ૪૦
બ્રહ્માંડ છત્રનો દણ્ડને બ્રહ્મનાભિ કમલ તણો અરે !
છેનાલ દણ્ડ, ને ક્ષોણી નૌકૂપ દણ્ડ રૂપે જે હરે !
જે વાવટારૂપ વ્હેતી સ્વર્ગીય ગંગનો દણ્ડ રૂપ છે,
જે જ્યોતિ મંડળની ધરી રૂપ પ્રચંડ મોટો સ્તમ્ભ છે. ૪૪
ત્રિભુવન ચક્રે ચઢાવનારો જેહ વિજય સ્તમ્ભ છે,
જેના પાદ પાપીનો પ્રલય કરવા કાળ દણ્ડ રૂપેજ છે;
તે ત્રિવિક્રમનો પાદ શાશ્વત અમારૂં શ્રેયજ કરો,
ને આ ! સતીને મોક્ષ આપી કૃતાર્થી મુજને કરો!!!૪૮

ૐ ! શાન્તિ ! શાન્તિ ! તથાસ્તુ !

+ + + + + + +

સ્વર્ગ માર્ગની સંઘટના. અને સ્નેહાલ પતિનો આશિર્વાદ.

શાર્દુલ વિક્રીડિત વૃત્ત.

બ્રહ્માંડાધિપતિતણી ગતિ વડે, ને તેમના સ્વાશ્રયે,
ગૌરી તાતતણી ગુફામાં વસતા, ઋષિ તણી આશિષે;
ત્રિપાદાંકિત દેવ વામનતણા, ત્રિપાદસ્થાનો વિષે,
જ્યા જ્યાં વ્હાલી પ્રયાણુ પંથ પકડે, ત્યાં ત્યાં વિભુનાં મિષે. ૫૨
સૌ માર્ગો ફળદાયી રમ્ય બનીને, તેની દ્વિબાજુપરે,
જેના ઉપર રાજહંસ ફરતાં, બેસી વિહારો કરે;
એવાં શ્વેત ગુલાબી પદ્મ ખિલતાં, શાંતિ તળાવો થજો,
ચોપાસે વળી કલ્પ વૃક્ષ યૂથની, છાયાં પ્રસાદિહુજો. ૫૬
સારાં શ્રીફળ તોરણોની વચમાં, વેલી ફુલોની થજો,
પુષ્પાલંકૃત દિવ્ય પંથ સઘળો, ત્રિ સ્થાન વિષે હુજો;
તેના ઉપર શાંતિમાન વસતા, કીર્તિ સમીરો વહો,
દુન્દુભિ ધ્વનિથી દિશાઓ સઘળી, હર્ષેથી ગર્જી રહો ૬૦
સ્વર્ગાધિપતિ ઈન્દ્રરાય કરથી, ઈન્દ્રાણી થાવા અરે !
માળા માલતી પુષ્પની પ્રણયથી, લેજે સતીતું ખરે !
વિમાનારૂઢ ધર્મપત્ની પત્નીતું, ભૂલી મનેના જતી, !
તારો પ્રેમ અખંડ હોય સતીતો, બે કોલની, ના, થતી; ૬૪

\+ \+ \+ \+ તથાસ્તુ.

સતીના શબ ઉપર સ્નેહાળ પતિની પુષ્પ વૃષ્ટિ

માલિની છંદ.

પીયૂષ-સુખ સતી તેં, સ્વામીને ખુબ આપ્યું !
વિધિ વિપરીત થાતાં, આજતેં વિષ આપ્યું !
હૃદય કમળ મારૂં, વ્હાલી ! તું ખેંચી લેજે !
હૃદય-વિગત મારી, સ્વર્ગમાં સદ્ય કે' જે ૬૮
સરસ સુમન માળા, ઇંદ્રને ત્યાંથી આવો !!
નવલ કુસુમ વૃષ્ટિ, વ્યોમ માર્ગેથી થાઓ !!
ફરફર ફૂલડાંઓ ! દેવ હસ્તેથી ખરજો !!
હૃદય રમણી મારી ! મોક્ષની સાથ વરજો !!! ૭૨

ॐ ! शान्तिः ! शान्तिः ! शान्तिः !!! । तथास्तु. ।



આત્મજ્ઞાન—ભજન.

નફટ જીવ જખ મારે ઝાઝા જ્ઞાન નથી કંઇ જેમાં રે—જેમાં.
મૃગજળ જેવાં ભવરણમાં તેં, સાર દીઠો છે, શેમાંરે—શેમાં. ૭૪
મૃગજળ પાછળ મુરખ મૃગજન, દોડીદોડી મરતાંરે—મરતાં;
આ! તૃષ્ણા બિંદુનો પાર ન પામ્યાં આંખે આંસુ ભરતાંરે—ભરતાં ૭૬
કુરંગ, માતંગ, પતંગ, ભ્રમરા; મીન અનુક્રમે પેખોરે—પેખો;
તે એક વિષયનું સેવન કરતાં, સધામ પહોંચ્યા દેખોરે—દેખો ૭૮
પંચ વિષયનું સેવન કરતાં, મનુજો ગોથાં ખાશેરે—ખાશે;
વિષય રિપુના ફંદે ફસતાં, નિશ્ચે નરકે જાશેરે—જાશે. ૮૦
ખાળકુંડીમાં ભટકયા કરતા, કૂપ મંડૂકના જેવારે—જેવા;
ભવકૂપ માંહી ભટકયા કરતાં, મંડૂક જન પણ તેવાંરે—તેવાં. ૮૨
ગર્ધવ ઉપર ચંદન ગુણની, ખબર નથી કંઇ તેને રે—તેને;
તદ્વત્ ખરજન વેઠ ઉપાડે, ભાન નથી કંઇ જેનેરે—જેને. ૮૪
ભવ જંગલનો મદિરા પીવા, પાજી જીવ બને અન્ધારે—અન્ધા;
કોટે મોટો પત્થર બાંધી, કૂદી પડયાના ધન્ધારે—ધન્ધા. ૮૬
પાણીના પરપોટા જેવી, કાયા માયા ખોટીરે—ખોટી;
ફટાક દઇને ફુટી જાતાં, આફત આંધી મોટીરે—મોટી. ૮૮

શરદઋતુના વાદળ ગોટા, જેવા ખેલ આ ! ખોટારે—ખોટા;
પપૈઓ પણ નથી પરવા કરતો છતાં મુરખજન મોટારે—મોટા ૯૦
ક્ષીર નીરને જુદાં કરતા, રાજહંસ ગતિ ધરજોરે—ધરજો;
અસારમાંથી સાર ગ્રહીને, ભવસાગરને તરજોરે—તરજો. ૯૨
સંસારમાંથી મોતી ચૂંગજો, નીંકર વગોણે ચઢશોરે—ચઢશો;
કુભારજાના પતિ થશો તો, નરભવ એળે જાશેરે—જાશે. ૯૪
પરિવારની પિડા ધરતાં, આખર જુતીઆં ખાશોરે—ખાશો;
બાપ થતામાં સાપ વળગશે, ફોકટ ફોલી ખાશેરે—ખાશે. ૯૬
ત્રણ ભવ સુધી ભવમાં ભટકી, ચટકો કદી નવ ટળશેરે—ટળશે;
પ્રેમરાજ્યનાં મદન બજારે, સોદાગર ઝૂરી મરશેરે—મરશે. ૯૮
પતિવ્રતાના પતિ થશો તો, નરભવ સાર્થક થાશેરે—થાશે;
ભવસિંધુની પાર ઊતરી, દમ્પતી સ્વર્ગે જાશેરે—જાશે. ૧૦૦

ભજન. (૨).

મૂઢમન શીદને મમતા ધરે; વિધિના લખ્યા લેખ નવ ફરે-એટેક.
ધનની તૃષ્ણા માટે ભટકે, તેથી અર્થ શું સરે ?
તૃષ્ણા માત્રને દૂર કરી દે, અહિત તારૂં તે કરે-મૂઢમન. ૧૦૨

ધનિકને પણુ ભીતિ અતિશય દુર્જનથી તે ડરે;
સતતસુખનથી ધન વૈભવમાં પણુ ચિંતાતુર ફરે;—મૂઢમન. ૧૦૪
સ્ત્રી પુત્રાદિક બાહ્યવિષય સૌ ક્ષણિક સુખના છે;
આ ! સઘળો સંસાર વિચિત્ર ફોકટ ફાંફાં છે !!!—મૂઢમન. ૧૦૬
આપ્તજનને ધન જુવાનીનો ગર્વ ધરી મૂઢ ફરે;
પણુ તે સૌને અમુક નિમિત્ત કાળનષ્ટ કરી હરે !!!—મૂઢમન. ૧૦૮
નલિનીદલપર જલબિંદુ જેમ અતિ ચપળતા ધરી;
અનિલ પ્રહારે વિખરાઇ જાયે, તેવીદેહ આ ! કરી—મૂઢમન. ૧૧૦
આ ! સઘળું માયામય દીસે, મોહવાડિમાં વસે;
ક્ષણિક દીસે છે કાયાવાડિ, તેમાં શીદને ફસે;—મૂઢમન. ૧૧૨
જગતનાટિકા રંગભૂમિપર સ્થિરપદ કહીં નવ મળે;
વ્યાધિ ઉપાધિ શોક વ્યાલથી ગ્રસ્ત થઈ ટળવળે.—મૂઢમમ. ૧૧૪
ભવસાગર તરવાની નૌકા સજ્જન સંગત મળે;
તો બ્રહ્મપદમાં પ્રવેશ કરાવે, ભવનાં દુઃખડાં ટળે.—મૂઢમન. ૧૧૬
બાળપણે તું બાળક્રીડામાં મસ્તાનો થઇ ફર્યો;
તરૂણવયે તું તરૂણી તનપર મોહમગ્ન થઇ ફર્યો—મૂઢમન. ૧૧૮
વૃદ્ધવયે બહુ શોકાતુર થઈ મોત માગતો થશે;
તોપણ "તત્ત્વમસિ" નવ જાણ્યું, અવળા પંથે ધસે—મૂઢમન. ૧૨૦
નશ્વરવિત્તની ચિંતા ત્યાગી તત્ત્વનું ચિંતન ધરી લો;
આત્મજ્ઞાનનું દર્પણ ખોલી, અંતર્દર્શન કરી લો—મૂઢમન. ૧૨૨

परस्पर विरोधिन्यो रेक संश्रय दुर्लभम् ।
संगतं श्री सरस्वत्यो भूतयेऽस्तु सदासताम् ॥ १ ॥

अपिच ।

सर्वस्तरतु दुर्गाणि सर्वो भद्राणि पश्यतु ।
सर्वः कामानवाप्नोतु सर्वः सर्वत्र नन्दतु ॥ २ ॥

ॐ ! शान्तिः ! शान्तिः ! ! शान्तिः ! ! !

तथास्तु ।

समाप्त

શુદ્ધિ પત્રક.

અશુદ્ધ.	શુદ્ધ.	પૃષ્ટ.	લિટી.
રહી	રહીને	૧૮	૩
બાંધતા	બાંધતી	૧૯	૧૫
ચત્ત	ચિત્ત	૨૩	૭
તારામતિ	તારીમતિ	૨૫	૮
સોને	સૌને	૨૬	૨૦
એકરાર	એકાકાર	૨૮	૨
અણે	આણે	૨૯	૨૧
મળયો	મળ્યો	૩૧	૧૪
ગામ:માં	માં બધો	૩૪	૧૯
શાંત	શાંતિ	૩૭	૧૩
પડે	વડે	૪૫	૯
સવ	સર્વ	૪૬	૯
મૅકી	મૂકી	૪૬	૨૨
ક્ર્યા	કર્યાં	૪૮	૬



